# પ્રકરણ : ૨

# 'સરસ્વતીચંદ્ર' (ગોવર્ધનરામ ત્રિપાઠી) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૨.: 'સરસ્વતીચંદ્ર' (ગોવર્ધનરામ ત્રિપાઠી) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

## ૨.૧. : સર્જક પરિચય :

ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મ તા. ૨૦/૧૦/૧૮૫૫ ના રોજ નડિયાદમાં નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ માધવરામ અને માતાનું નામ શિવકાશી હતું. ૧૮૬૮ માં તેમના લગ્ન હરિલક્ષ્મી સાથે થાય છે. આ પછી તેઓ મુંબઈ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં પ્રવેશ લે છે. ૧૮૭૧ માં ૧૬ વર્ષની ઉંમરે તેઓ મેટ્રિકની પરીક્ષા પાસ કરે છે. ૧૮૭૪ નું વર્ષ તેમના માતે દુઃખદ રહે છે. આ વર્ષે પત્ની હરિલક્ષ્મી અવસાન પામે છે અને પોતે બી. એ. ની પરીક્ષામાં નાપાસ થાય છે. પછીના વર્ષ ૧૮૭૫ માં તેઓ બી. એ. ની પરીક્ષા બીજા વર્ગ સાથે પાસ કરે છે. બી. એ. નો અભ્યાસ પૂરો કરે છે ત્યાં સુધીમાં સંસ્કૃત સાહિત્ય પ્રત્યેની અપાર લગની અને મનઃસુખરામ પાસેથી વેદાંતી વ્યવહાર જ્ઞાનનો અમૂલ્ય વારસો પ્રાપ્ત થઈ ચૂકે છે.

૧૮૭૬ માં ગોવર્ધનરામના દ્વિતીય લગ્ન લલિતાગૌરી સાથે થાય છે. આજ વર્ષે તેઓ ફ્રેન્ડલી સોસયટી સમક્ષ 'A rude of outline of the general features of Practical 'Asceticism' in my sense of the word' શીર્ષકસ્થ નિબંધ રજૂ કરે છે. આ નિબંધમાં તેમણે 'વ્યવહારુ સંન્યાસ' અંગેના પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા છે. તેમના આ વિચારોનો પ્રભાવ 'સરસ્વતીચંદ્ર' સ્પષ્ટપણે વર્તાય છે. પોતાની 'વ્યવહારુ સંન્યાસ' અંગેની વિભાવના અને સમાજસેવા કરવાની કટીબદ્ધતાથી પ્રેરાઈ તેઓ ત્રણ સંકલ્પ કરે છે. એક, એલ. એલ. બી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું; બે, મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો; અને ત્રણ, ચાળીસેક વર્ષ આ ધંધો કર્યા બાદ આ ધંધામાંથી નિવૃત્તિ લઈ, સાહિત્ય સેવા નિમિત્તે સમાજસેવામાં નિમગ્ન થવું.

૧૮૭૯ ના પ્રારંભિક ગાળામાં તેઓ ભાવનગર રાજ્યના દીવાન શામળદાસના ખાનગી સેક્રેટરી તરીકે સેવાઓ આપે છે. આ નોકરી દરમ્યાન તેમને એ સમયની રાજ્યવ્યવસ્થાનો જે અનુભવ થાય છે તે પણ 'સરસ્વતીચંદ્ર' માં ખૂબ ઉપયોગી થાય છે. ૧૮૮૩ માં તેઓ વકીલાતની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. ૧૯૮૪ માં ૨૯ વર્ષની ઉંમરે તેઓ

મુંબઈમાં વકીલાત શરૂ કરે છે. એના બીજા જ વર્ષ ૧૯૮૫ થી તેઓ 'સરસ્વતીચંદ્ર - ભાગ ૧' લખવાનો આરંભ કર્યો. ૧૮૯૮ માં ચાળીસમે નહિ પણ તેતાળીસમે વર્ષે તેઓ વકીલાતનો વ્યવસાય છોડી મુંબઈથી પરત વતન ફરે છે. અહીં આવી તેઓ પ્રથમ લાઠી અને જૂનાગઢની મુલાકાત લે છે. ૧૯૦૨ માં એમના જીવનમાં એક દુ:ખદ ઘટના ઘટે છે. તેમની મોટી દીકરી લીલાવતીનું અવસાન થાય છે. આ ઘટનાથી તેમને તીવ્ર આઘાત લાગે છે. દીકરી પરના પોતાના વહાલ-સ્નેહથી પ્રેરાઈ તેઓ લીલાવતીના જીવન ઉપરથી 'લીલાવતી જીવનકલા' નામનું પુસ્તક લખે છે. આ પુસ્તક લખતી વેળા ઘણીવાર તેઓ રડી પડતા. અહીં પિતા તરીકેના તેમના આદ્ર અને સંવેદનશીલ વ્યક્તિત્વનો પરિચય થાય છે.

૧૯૦૫ માં તેઓ પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વરાયા. એ નિમિત્તે તેમણે 'ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઈતિહાસનું દિગ્દર્શન' વિષય પર વ્યાખ્યાન આપેલું. જીવનના છેલ્લા વર્ષોમાં તેઓ અજમેર, પુષ્કરજી, જયપુર, ગોકુળ-મથુરા વગેરે સ્થળોનો પ્રવાસ કરે છે. આ પ્રવાસેથી આવ્યા બાદ તેમની તબિયત વધારે બગડે છે અને તા. ૦૪/૦૧/૧૯૦૭ ને શુક્રવારના રોજ તેઓ અવસાન પામે છે.

ગોવર્ધનરામે કરેલી સાહિત્ય સેવાએ તેમને સાહિત્યજગતમાં અનોખું સ્થાન અપાવ્યું છે. સાહિત્ય ક્ષેત્રે તેમનું સૌથી ઉત્કૃષ્ટ પ્રદાન તે ચાર ભાગમાં પ્રગટ થયેલી તેમની યશોદાયી નવલકથા 'સરસ્વતીચંદ્ર'. કાવ્યસાહિત્ય ક્ષેત્રે તેમણે 'હૃદયરુદિતશતકમ્' નામે સંસ્કૃત અને 'સ્નેહમુદ્રા'(૧૮૮૯) નામે ગુજરાતી કાવ્યગ્રંથ આપ્યા છે. 'લીલાવતી જીવનકલા' (૧૯૫૦) અને 'નવલરામની જીવનકથા' (૧૮૯૧) નિમિત્તે તેમણે ઉત્તમ જીવનચરિત્રો આપેલા છે. ૧૯૦૬ માં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા માટે 'દયારામનો અક્ષરદેહ' નામનો નિબંધ લખવો શરૂ કરે છે. 'Classical Poets of Gujarat' માં મધ્યકાલીન ગુજરાતી કવિઓ અને સમાજ - સંસ્કૃતિ પર તેમનો પ્રભાવ એ વિષય પર લખયોલું પુસ્તક છે. 'સાક્ષરજીવન' અને 'અધ્યાત્મજીવન' એ તેમના ચિંતનાત્મક અને દાર્શનિક લખાણોનાં ગ્રંથ છે. તેમની પાસેથી 'સ્ક્રેપબૂક' મળે છે. એ તેમની રોજનીશી છે. જેમાં તેઓ પોતાના અંગત જીવન, પારિવારિક જીવન, અભ્યાસ, જગત અને ઈશ્વર, મૂર્તિપૂજા, જ્યોતિષશાસ્ત્ર આદિ વિશે પોતાના વિચારો અભિવ્યક્ત કરે છે. તેઓ 'સમાલોચક' નામનું સામયિક પણ ચલાવતા હતા.

## ૨.૨. : 'સરસ્વતીચંદ્ર' નો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામ ત્રિપાઠીની યશોદાયી કૃતિ છે. એ કૃતિ થકી તેમની જ નહિ, સમગ્ર ગુજરાતી સાહિત્યવિશ્વની શોભા વધી છે. ૧૮૮૫ થી તેમણે આ નવલકથાના લેખનનું મહત્ત્વાકાંક્ષી કાર્ય આદરેલું તે છેક ૧૯૦૧ માં તેનો છેલ્લો ભાગ પ્રગટ થતાં સુધી ચાલે છે. આ નવલકથા કુલ ૪ ભાગ અને ૯૯ પ્રકરણમાં વિભાજિત છે. આ ચારે ભાગને અલગ અલગ પેટા શીર્ષક આપવામાં આવેલ છે, જેની વિગતો નીચે પ્રમાણે છે :

ભાગ - ૧ : બુદ્ધિધનનો કારભાર (૧૮૮૭)

ભાગ - ૨ : ગુણસુંદરીનું કુટુંબજાળ (૧૮૯૨)

ભાગ - ૩ : રત્નનગરીનું રાજ્યતંત્ર (૧૮૯૮)

ભાગ - ૪ : સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ (૧૯૦૧)

આ નવલકથાના આરંભે મૂકાયેલ 'Preface' અને 'સ્ક્રેપબૂક' માંની તેમની નોંધો જોતાં તરત ખ્યાલ આવે છે કે તેઓ મૂળે તો એક નિબંધ લખવા ધારતા હતા. પણ તેઓ વાચકવર્ગની પરિસીમાઓ જાણતા હતા. સમસામયિક લોકવ્યવહાર અને લોકરુચિના પારખું ગોવર્ધનરામને ખ્યાલ આવી જાય છે કે કથા, નવલકથા જ એક એવું સાહિત્યસ્વરૂપ છે જેના થકી તેઓ પોતાના જીવનાદર્શને, જીવનદર્શનને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડી શકશે. આથી તેઓ નિબંધ લખવાનું ટાળી નવલકથાલેખન માટે પ્રવૃત્ત થાય છે, જેના પરિપાકરૂપે આપણને 'સરસ્વતીચંદ્ર' જેવી સર્વકાલીન ઉત્કૃષ્ટ નવલકથા પ્રાપ્ત થાય છે. 'પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના' માં આ નવલકથાલેખનનો આશય સ્પષ્ટ કરતાં તેઓ કહે છે : "જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો....કથાના વ્યસનીને સુકથાની મદિરા પાઈ સત્કર્મના વ્યસનમાં પાડવાનો માર્ગ દેખાડવો" [૧]

તેમણે નવલકથા વાચકના જે ત્રણ વર્ગ દર્શાવ્યા છે એમાનો પ્રથમ વર્ગ તે : 'સત્યશોધક વર્ગ માનસશાસ્ત્રના અભ્યાસને અર્થે જ નવલકથાઓ વાંચે છે.'[૨] આ વર્ગને તેઓ સર્વ વાચકોમાં મુકુટમણિની ઉપાધિ આપે છે. તેમના આ નિદાન દ્વારા મને એટલું જ અભિપ્રેત છે કે તેઓ માનસશાસ્ત્ર અંગે જ્ઞાન તો ધરાવે જ છે. આ માનસશાસ્ત્ર ભલે પશ્ચિમમાં સિગ્મંડ ફ્રોઈડે વિકસાવેલ મનોવિશ્લેષણશાસ્ત્રને ન અનુલક્ષતું હોય છતાં તેઓ

સમકાલીન લોકરુચિ અને લોકાચાર અંગે જે અભિપ્રાયો આપે છે તેનાથી એટલું તો સ્પષ્ટ થાય છે કે તેઓ માનવમનની ગૂઢાતિગૂઢ ગતિવિધિઓના ઊંડા જાણકાર હતા.

મહત્ત્વની બાબત તો એ છે કે લોકચિત્ત અને લોકરુચિના પારખું આ મહાન સર્જક-ગોવર્ધનરામની જન્મસાલ ૧૮૫૫. એના પછીના જ વર્ષે ૧૮૫૬ માં વિશ્વવિખ્યાત મનોવિશ્લેષક સિગ્મંડ ફ્રોઇડનો જન્મ થાય છે. સમય પણ કેવો બળવાન છે ! એક બાજુ વિશ્વવિખ્યાત મનોવિશ્લેષક સાહિત્યકૃતિઓમાં નિરૂપાયેલી મનોવિશ્લેષણાત્મક ગૂંચોના આધાર થકી પોતાના મૌલિક મનોવિશ્લેષણાત્મક વિચારો-વિભાવોનો પાયો નાખે છે. જ્યારે બીજી બાજુ ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા મહાન સર્જક માનવચિત્તની આવી અકળ અને અતલ ગતિવિધિઓને ‘સરસ્વતીચંદ્ર’ ના પાત્રો થકી પ્રત્યક્ષવત્ કરી આપે છે. બંને દુનિયાના જુદાં જુદાં ખૂણે બેસી પોતપોતાની આગવી રીતે માનવચિત્તનું અધ્યયન કરી રહ્યા છે અને બંનેએ એ અધ્યયનના પરિપાકરૂપે જે કંઈ આપ્યું છે તે સર્વકાલીન અને સનાતન થવાને નિર્માયું છે એવી પ્રતીતિ આપણાં સૌની છે.

એ રીતે ‘સરસ્વતીચંદ્ર’નો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ એક અલગ જ ભૂમિકા રચી આપે એમ છે. એ વખતે મનોવૈજ્ઞાનિક સંશોધનોનો આજના જેટલો વિકાસ-વિસ્તાર નહોતો થયો. આવા મનોવિશ્લેષણાત્મક સંશોધનોના અભાવમાં એક સર્જક લેખે ‘સરસ્વતીચંદ્ર’કારે પાત્રચિત્તના નિરૂપણમાં કેવું કૌવત અને કળાસૂઝ દાખવયા છે એ અત્રે રસનો અને અભ્યસનીય વિષય બની રહે છે. ‘સરસ્વતીચંદ્ર’ની વસ્તુસંકલનામાં, તેના પાત્રાલેખનમાં, તેની સમયસંકલનામાં, તેની નિરૂપણરીતિ કે રચાનારીતિઓમાં અને ભાષાશૈલીમાં જાણ્યે-અજાણ્યે મનોવિશ્લેષણશાસ્ત્રલક્ષી તથ્યો કેવાં એકરસ-અંગીકૃત થયાં છે એ બાબતની શોધ આ નવલકથાના મનોવિશ્લેષણાત્મ અધ્યયન માટે અવકાશ રચી આપે છે.

## ૨.૩. : ‘સરસ્વતીચંદ્ર’ નું કથાવસ્તુ અને તેની સંકલના :

‘સરસ્વતીચંદ્ર’ માં કોઈ એક કથા નથી. તેમાં અનેક કથાઓનું ગ્રથન થયેલું છે. સર્જક નવલકથાની પ્રસ્તાવનામાં જ નોંધે છે : “આ ગ્રંથમાં એકથી વધારે કથાઓની ફૂલગૂંથણી છે”[3] સરસ્વતીચંદ્ર-કુમુદના પ્રણયની કથા એ કથાનો મુખ્ય પ્રવાહ છે. સરસ્વતીચંદ્ર અને કુમુદ પર ગોઠવાયેલ લેખકનો કેમેરો અવસર મળતાં એ બે પાત્ર સાથે

અનુબંધ ધરાવતા અન્ય પાત્રો (જેમકે બુદ્ધિધન, સૌભાગ્યવતી, શઠરાય, ગુણસુંદરી, વિદ્યાચતુર, કુસુમ, માનચતુર, ધર્મલક્ષ્મી આદિ) ના જીવનને પણ ચિત્રાંક્તિ કરવાનું નથી ચૂકતો. એ રીતે મુખ્ય કથાપ્રવાહ સાથે નાના નાના અન્ય અનેક કથાપ્રવાહો ભળતા જાય છે. કથાની આ પ્રકારની સંકલના અને તેના સમગ્ર સ્વરૂપાકારને જોઈને જ સ્વ. રામનારાયણ વિ. પાઠકે આ નવલકથાની કથાને 'મહાનદ'ની ઉપમા આપી છે, જે સવર્થા યોગ્ય છે.

લક્ષ્મીનંદન નામના ધનાઢ્ય શેઠને ત્યાં સરસ્વતીચંદ્રનો જન્મ થયેલો. માતાનું નાનપણમાં જ અવસાન થાય છે. લક્ષ્મીની કૃપા તો ધનાઢ્ય પિતાને ત્યાં જન્મ લેવાને કારણે તેના પર હતી જ, પણ પોતાના વિદ્યાતપથી સરસ્વતીની કૃપા પણ મેળવે છે. તેણે એમ.એ. અને એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી વકીલાત શરૂ કરી હતી. એવામાં રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની મોટી પુત્રી કુમુદસુંદરી સાથે તેનો વિવાહ નક્કી થાય છે. નાનપણથી જ માતાની છત્રછાયા ગુમાવી દીધેલ અને જન્મજાત વિરાગી પ્રકૃતિ ધરાવનાર સરસ્વતીચંદ્રના હૃદયને કુમુદસુંદરીનો સ્નેહ ભાવનાશીલ અને રાગાદ્ર બનાવે છે. પરંતુ કમનસીબે કુમુદસુંદરી સાથેનો તેનો સુયોગ શક્ય નથી બનતો. અપરમા ગુમાન અને પિતા લક્ષ્મીનંદનના કઠોર વચનોથી દુભાયેલ સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે. માતા-પિતાનો આવો કઠોર વ્યવહાર જોઈ પોતે કુમુદસુંદરીને સુખી નહિ કરી શકે એ ખ્યાલે કુમુદને 'પોતાને ભૂલી જવો' એ મતલબનો પત્ર લખી સગપણ તોડી નાખે છે.

સરવતીચંદ્ર તો જગતના ખટમીઠા અને ગૂંચવણભર્યા વ્યવહારો નિહાળવા અનુભવાર્થીની અદાથી નીકળી પડે છે. તેણે નવીનચંદ્ર નામ ધારણ કર્યું છે. ત્રણેક મહિનાના રઝળપાટ બાદ એક દિવસ તે સુવર્ણપુરના દરિયા કાંઠે આવેલ જહાજમાંથી ઊતરે છે. આ દશ્યથી નવલકથાનો આરંભ થાય છે. આગળ જે કથા વર્ણવી એ આ આરંભાયેલ કથામાં આગળ જતાં પાશ્ચાદ્‌ભૂના દશ્યવિધાન દ્વારા અભિવ્યક્ત થાય છે. સંજોગાવશાત્ નવીનચંદ્ર કારભારી બુદ્ધિધનને ઘેર પહોંચે છે. બુદ્ધિધનનું આ ઘર એટલે કુમુદસુંદરીનું સાસરું. સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે ત્યારે કુમુદ સાથેનો વિવાહ તોડી નાખે છે. આથી કુમુદના ચિંતાતુર માતા-પિતા વિદ્યાચતુર અને ગુણસુંદરી તેનો વિવાહ સુવર્ણપુરના કારભારી બુદ્ધિધનના પુત્ર પ્રમાદધન સાથે કરે છે. એ બંનેના લગ્ન પણ થઈ ગયેલા હોઈ છે. સરસ્વતીચંદ્ર અહીં આવી કુમુદના 'મનના કજોડા' વાળા દામ્પત્યજીવનનો સાક્ષી બને છે.

કુમુદની આવી દુ:ખદ અવસ્થા જોઈ સરસ્વતીચંદ્ર મનથી દુ:ખી થાય છે. તે અપરાધભાવ અનુભવે છે. આખરે કુમુદ જ એને જાકારો આપે છે. સરસ્વતીચંદ્ર એની સામે જ હશે તો એની માનસિક પીડા વધશે અને સમાજની પણ બીક રહેશે, એટલે તે સરસ્વતીચંદ્રને સુવર્ણપુર છોડવાનું કહે છે. સરસ્વતીચંદ્ર એની વાત માની સુવર્ણપુર છોડે છે રસ્તામાં પસાર થતી વખતે અર્થદાસ અને તેની પત્નીને લૂંટાતા જોઈ તેમને બચાવવા બહારવટિયાઓ સામે બાથ ભીડે છે અને ઘવાય છે. રાત્રીના ઘોર અંધકારમાં જંગલમાંથી પસાર થતી સાધુઓની મંડળી રસ્તામાં બેભાનાવસ્થામાં પડેલા સરસ્વતીચંદ્રને પોતાની સાથે લઈ લે છે. બીજી બાજુ પતિના અભદ્ર વર્તનથી ત્રસ્ત અને માતાપિતા પાસે જતી કુમુદને બહારવટિયાઓ આંતરે છે પણ તેના દાદા માનચતુરની સમયસૂચકતાને કારણે કુમુદ આ મુશ્કેલીમાંથી ઊગરી જાય છે. હજુ તો બચે છે ત્યાં જ તે સુભદ્રા નદીમાં પડી જાય છે અને તણાવા લાગે છે. નદીમાં તણાતી તણાતી એ સમુદ્ર સંગમસ્થાને આવેલા સુંદરગિરિની સાધ્વી ચંદ્રાવલીમૈયાના હાથે ઉગરે છે. અહીં કુમુદસુંદરીને મધુરીમૈયા એવું નામ આપવામાં આવે છે. અહીં જ એને પતિ પ્રમાદધનના મૃત્યુના સમાચાર મળે છે. દૈવયોગે નવીનચંદ્ર અને મધુરીમૈયાને સુંદરગિરિમાં મળવાનું થાય છે. હૃદયના અનેક ગૂંચવાડાઓ ઉકેલતા ઉકેલતા બંને સ્થૂળ પ્રેમથી સૂક્ષ્મ પ્રેમની ભૂમિકાએ પહોંચે છે. સાધુલોક આ બંનેના સુયોગથી સંતોષ અનુભવે છે. વળી, બંનેને લોકકલ્યાણ અંગેનું સમાન સ્વપ્ન આવે છે. બંને લોકકલ્યાણના કામો કરવા માટે કટિબદ્ધ થાય છે. પુનર્મિલનની બધી જ શક્યતાઓ હોવા છતાં ગોવર્ધનરામે એ જમાનાને ધ્યાનમાં રાખી સરસ્વતીચંદ્રના કુમુદ સાથે વિધવાવિવાહ કરાવવાને બદલે કુમુદના સૂચનથી સરસ્વતીચંદ્રને પોતાની નાની બહેન કુસુમ સાથે પરણાવવામાં આવે છે. આમ, નવલકથાનો મુખ્ય દોર આ સ્નેહકથા સાથે વિકસે છે. એ મુખ્ય કથા સાથે બુદ્ધિધન અને સુવર્ણપુરની વિકાસગાથા, વિદ્યાચતુર અને ગુણસુંદરીનું દામ્પત્યજીવન તથા તેમની પારિવારિક ભાવના, રત્નનગરીની રાજકીય ખટપટો, સુંદરગિરિના સાધુઓની જીવનભાવના વગેરે જેવા સંસ્કૃતિના સર્વ પાસાંઓને અત્રે આડકથા તરીકે આવરી લેવામાં આવ્યા છે.

મનોવિશ્લેષણાત્મક સંશોધનોથી પ્રભાવિત થઈ લખાયેલી નવલકથાઓની એક લાક્ષણિકતા એ છે કે તેમાં કથાનો દોર સીધી રેખામાં ચાલે છે. હા, એમાંય વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળના તાણાવાણા વિષમક્રમિક રીતે ગોઠવાયેલા હોય છે. જેથી ચિત્તના

અતાર્કિક અને નિર્બંધ પ્રવાહની ભાત ઉપસે. પરંતુ મોટે ભાગે કથા એકસૂત્રી હોય છે. પરિણામે પાત્રમાનસની ઝીણી ઝીણી ક્રિયાઓનું સચોટ અને સ્પષ્ટ આલેખન કરી કૃતિમાં મનોવૈજ્ઞાનિક આબોહવા રચવાની શક્યતાઓ ઊભી થાય છે. પરંતુ એ દૃષ્ટિએ સરસ્વતીચંદ્ર નવલકથા જુદી પડે છે. એમાં નિરૂપાયેલી કથા એકસૂત્રી નથી, અનેક આડકથાઓના ઉમેરણથી એ કથા બહુસૂત્રી બની છે. જો કે લેખકની ખાસિયત એ છે કે આ આડકથાઓ મુખ્ય કથાને માટે ક્યાંય બાધક નથી બનતી. હા, ક્વચિત્ એવું બને છે કે આડકથાઓનો પ્રસ્તાર ખૂબ વધી જવાથી મુખ્ય કથા સાથેનો વાચકનો વિયોગ લંબાય છે. એ વિયોગ ગોવર્ધનરામની જાણ બહાર નથી. પરંતુ તેમનો હેતુ માત્ર પ્રણયકથા કહેવાનો નથી. તેઓ પ્રણયકથા નિમિત્તે ભાવક સમક્ષ ભારતીય સંસ્કૃતિના, તેની સમાજ વ્યવસ્થાના, તેની રાજકીય વ્યવસ્થાના, તેની ધાર્મિક વ્યવસ્થાના સર્વાંગી પાસાંઓને ખોલી આપવા ચાહે છે. 'સરસ્વતીચંદ્ર'માં નિરૂપાયેલ આડકથાઓ પ્રાચીન ભારતીય કથાઓ કે પૌરાણિક કથાઓની કથાસંકલનરીતિની યાદ અપાવે છે. ડૉ. દિલાવરસિંહ જાડેજા 'સરસ્વતીચંદ્ર'ની આવી વસ્તુસંકલના સંદર્ભે નોંધે છે : "અર્વાચીન કાળના પુરાણ સમી 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં મુખ્યકથા સરસ્વતીચંદ્રની છે. એ મુખ્ય કથાની મહામાલામાં અન્ય ગૌણ કથાઓની સેર ગૂંથાયા કરે છે. એ ગૌણ કથાઓ છે બુદ્ધિધન, ગુણસુંદરી, વિદ્યાચતુર, સુંદરગિરિ ઇ.ની આપણે 'સરસ્વતીચંદ્ર' ને મહામાલારૂપે અહીં ઓળખાવી. 'સરસ્વતીચંદ્ર' ના આકારને ક્વચિત્ થડ કયું અને વડવાઈઓ કઇ તે જાણવાનું સુકર ન બને એવા ઉત્તુંગ અને વિશાળ વટવૃક્ષ સાથે પણ સરખાવી શકાય. શ્રી રા. વિ. પાઠકે 'સરસ્વતીચંદ્ર' નવલકથાના આકારને મહાનદ સાથે ઉચિત રીતે સરખાવ્યો છે. રસળતી ગતિએ ચાલતા આ મહાનદને વચમાં ગૌણ કે અવાંતર કથાઓની નાનીમોટી અનેક નદીઓ મળે છે. મહાનદની રસળતી ગતિની વિશેષતા એ ગણાય કે લક્ષ્યસ્થાને પહોંચવાની એને કોઈ ઉતાવળ નથી.

આ અર્થમાં 'સરસ્વતીચંદ્ર' ની વસ્તુસંકલના પ્રાચીન ભારતીય પદ્ધતિ પ્રમાણે થયેલી ગણાય. પ્રાચીન ભારતીય પદ્ધતિમાં વસ્તુસંકલન જાણે નિમિત્તરૂપ હતું. કેન્દ્રમાં હતું અલંકારકૌશલ, વર્ણનકૌશલ, પાત્રોની ઝીણવટભરી વિગતોનું ચિત્રણ અને સર્વતોમુખી જીવનદર્શન. ગોવર્ધનરામ સમક્ષ વસ્તુગૂંથણીનો આવો પ્રાચીન ભારતીય આદર્શ રહેલો છે. વાચકના કેવળ કથારસને સંતોષવા ત્વરિત ગતિએ કથાને કહેવાનું એમાં ઉદ્દિષ્ટ નથી.

મંથર કથાપ્રવાહ જ લેખકને અભિમત જણાય છે. મુખ્ય કથાને મંથર ગતિએ કહેતાં કહેતાં, વચ્ચે અવાન્તર પ્રસંગકથાઓ આવે, તત્ત્વલોચન પણ થાય."[૪]

વિષમક્રમિક વસ્તુસંકલના એ મનોવિશ્લેષણાત્મક સંશોધનો પછી એ સંશોધનોની અસર હેઠળ લખાયેલી નવલકથાઓની વિશિષ્ટ લાક્ષણિકતા બની રહે છે. આધુનિક ગુજરાતી નવલકથાઓની વસ્તુસંકલનરીતિનું અધ્યયન-નિરીક્ષણ કરતાં એ વાત સ્પષ્ટપણે સમજાય છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથાની વસ્તુસંકલના વિષમક્રમિક જ છે. પરંતુ તેના પર પાશ્ચાત્ય મનોવિશ્લેષણશાસ્ત્રની પ્રભાવકતા નથી વર્તાતી. નવલકથાનું પહેલું પ્રકરણ છે 'સુવર્ણપુરનો અતિથિ'. આ પ્રકરણમાં નવીનચંદ્ર નામધારી સરસ્વતીચંદ્ર સુવર્ણપુરના દરિયા કાંઠે ઊતરે છે. એ પહેલાં, ભૂતકાળમાં નવલકથાની કેટલીએ ઘટના ઘટી ચૂકી છે. સરસ્વતીચંદ્રનો અભ્યાસ, કુમુદ સાથેનો તેનો વિવાહ નક્કી થવો, માતા-પિતાનું તેના પ્રત્યેનું કઠોર વર્તન, તેનો ગૃહત્યાગનો નિર્ણય અને ગૃહત્યાગ કરતાં પહેલાં કુમુદ પર લખેલો વિવાહ તોડ્યા અંગેનો પત્ર વગેરે બનાવો ક્રમની દષ્ટિએ પ્રથમ આવે ત્યાર બાદ સુવર્ણપુરમાં નવીનચંદ્રરૂપે સરસ્વતીચંદ્રનો પ્રવેશ આવે. પરંતુ નવલકથામાં આ બધી ઘટનાઓ છેક ૧૫ માં પ્રકરણ 'સરસ્વતીચંદ્ર' માં નિરૂપાઈ છે. જો કે નવલકથામાં એથીયે ભૂતકાલી ઘટનાઓ પણ નિરૂપણ પામી છે જેમ કે બુદ્ધિધનની યુવાવસ્થા, ગુણસુંદરી-વિદ્યાચતુરનું પ્રારંભિક દામ્પત્યજીવન વગેરે. ગોવર્ધનરામ પાશ્ચાત્ય મનોવિશ્લેણશાસ્ત્રીય કથનકળાથી વાકેફ ભલે ન હોય પરંતુ તેઓ એક આર્ષદષ્ટા છે. તેઓ વાચકના મનને અને તેની રુચિને બરાબર ઓળખે છે. કથાને કેવી રીતે રજૂ કરવાથી વાચકનું ચિત્ત કથારસ-જિજ્ઞાસારસથી તરબતર રહી કથા સાથે જકળાઈ રહેશે એ તેઓ બરાબર જાણે છે.

મનોવિશ્લેષણાત્મક સંશોધનોનો પ્રભાવ ઝીલતી નવલકથાના કથાવસ્તુની બીજી એક નોંધપાત્ર લાક્ષણિકતા એ છે કે આવી કથા મંથર ગતિએ ચાલે છે. કારણ કે એમાં કથાના પ્રવાહ કરતાં પાત્રચિત્તનું અને એ ચિત્તને પ્રભાવિત કરનાર પ્રત્યેક ઘટનાનું ખૂબ જ બારીકાઈપૂર્વકનું નિરૂપણ કરવા પર વિશેષ ભાર આપવામાં આવે છે. આગળ જોયું તેમ 'સરસ્વતીચંદ્ર' ની કથા પણ મંથર ગતિએ જ ચાલે છે. સરસ્વતીચંદ્રના પ્રથમ બે ભાગમાં તો તોય ઝડપી કથાગતિનો અનુભવ થાય છે પણ ત્રીજા અને ખાસ કરીને ચોથા ભાગમાં કથાગતિ એકદમ ધીમી પડી જાય છે. અહીં કોઈ મનોવિશ્લેણાત્મક કારણો કરતાં

સમસામયિક સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આબોહવાથી વાચક-ભાવકને વાકેફ કરવાની તેમની નેમ વિશેષ કામ કરે છે. તેઓ સંસ્કૃતિના સર્વાંગી પાસાંઓને વિગતે વર્ણવે છે એના લીધે ઘટનાઓનો ધસમસતો પ્રવાહ ધીરો પડે છે. પ્રાકૃતિક વર્ણનોમાં પણ લેખકે ખાસ્સો રસ દાખવ્યો છે. છતાં પાત્રોનું વર્ણન, તેમની ક્રિયાઓનું વર્ણન કરવા જ્યારે તેઓ બેસે છે ત્યારે વાચક-ભાવકને તેના બાહ્ય આકારની સાથે તેમના આંતરજગતમાં ડોકિયું કરાવવાનું પણ અચૂક ધ્યાન રાખે છે. ગુજરાતીમાં આરંભકાલીન નવલકથાઓમાં ઘટનાઓ, પ્રસંગો અને પ્રકૃતિના વર્ણનનો ખૂબ મહિમા હતો આથી એ નવલકથાઓ મેદસ્વી લાગે છે. સરસ્વતીચંદ્ર નવલકથાના સંદર્ભે પણ આ બાબતમાં સત્યતા જોઈ શકાય છે. નવલકથાના પહેલાં ભાગના પ્રારંભિક પ્રકરણો ઘટનાપ્રધાન છે. જો કે એનેય પૂરેપૂરા ઘટનાપ્રધાન તો ન જ કહી શકાય કારણ કે આવશ્યક લાગે ત્યાં લેખક ધીરગંભીર રીતે પાત્રો, પ્રકૃતિ વગેરેનું વર્ણન કરવા બેસે છે દા.ત. ભાગ બે 'ગુણસુંદરીનું કુટુંબજાળ' માં આવતા પ્રકરણ 'જંગલ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર' ની ગોવર્ધનરામે ખૂબ ધીરજથી છણાવટ કરી છે. એટલે પરંપરાગત નવલકથાઓના લક્ષણો અનુસાર આ નવલકથા મેદસ્વી છે એ બેશક કહી શકાય.

સરસ્વતીચંદ્ર નવલકથાના અંતિમ બે ભાગની કથા સામાન્ય વાચક માટે થોડી દુર્બોધ છે. લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાંત અંગેના વિચારો તથા ગુફામાં સરસ્વતીચંદ્ર અને કુમુદ વચ્ચે થયેલ વિચારવિમર્શ સામાન્ય કોટિના ભાવકને ત્વરિત સમજાવું મુશ્કેલ છે. આધુનિક કે મનોવિશ્લેષણાત્મક અભિગમથી લખાયેલી નવલકથાઓમાં જે દુર્બોધતા જોવા મળે છે તેનાથી સરસ્વતીચંદ્રની દુર્બોધતા જુદી છે. આધુનિક કે મનોવૈજ્ઞાનિક અભિગમથી લખાતી નવલકથામાં દુર્બોધતા એ એક પ્રકારની પ્રયુક્તિ છે. કથાચરિત્રના કંટાળો, નિરાશા, હતાશા, એકલતા, અર્થશૂન્યતા વગેરે જેવા ગુણોને ઉદ્‌ઘાટિત કરવા અને ભાવક સુધી તેને પ્રત્યાયિત કરવાનું ઓજાર એટલે નવલકથાની કથામાં એકરસ થઈ ગયેલી દુર્બોધતા. મનોવૈજ્ઞાનિક પ્રભાવથી લખાયેલી નવલકથાઓમાં નિરૂપાયેલી દુર્બોધતા કૃતિગત પાત્રોના માનસિક સ્ખલન કે માનસિક તણાવ ભણી સંકેત કરતી હોય છે. એટલે આવી રચનાઓમાં જે દુર્બોધતા હોય છે એ સાયાસ અને યુક્તિપૂર્વક હોય છે. પરંતુ' સરસ્વતીચંદ્ર'માં જે દુર્બોધતા છે એ સાયાસ નથી. અહીં જે દુર્બોધતા છે એ વિષયાનુષંગી છે. લેખકનો એક માત્ર

આશય હતો નવલકથા સર્વજન ભોગ્ય હોવી જોઈએ. તત્ત્વચિંતકોનો વર્ગ પણ નવલકથામાં ડોકિયું કરે તો એમને રસ પડવો જોઈએ એ તેમનું લક્ષ્ય હતું. આથી તેમણે ગંભીર ચર્ચાવિચારણા અને વિચારવિમર્શ કર્યા છે. આ ચર્ચા વિચારણાનો વિષય જ એટલો ગંભીર છે કે સામાન્ય કોટિના માણસને સમજતા તેને વાર લાગે. વળી, આધુનિક નવલકથાઓમાં જે દુર્બોધતા જણાય છે તે પાત્રચિત્તના ચૈતસિક સંચલનોના અતાર્કિક વર્તનો-વલણો-વિચારો થકી રચનામાં એક રસ થાય છે. જ્યારે સરસ્વતીચંદ્રમાં જે દુર્બોધતા છે એ અતાર્કિતાને કારણે નથી. ઊલટાનું ત્યાં તાર્કિકતાનું ભારણ વધારે છે. એટલે કહેવાનો અર્થ એ છે કે 'સરસ્વતીચંદ્ર' માં પ્રવેશેલ દુર્બોધતા એ મનોવૈજ્ઞાનિક રચનાપ્રપંચને નહિ પણ વિષયપરક ગાંભીર્યને અનુલક્ષે છે.

વસ્તુસંકલનાની સીધી અસર આ નવલકથાની સમયસંકલના પર થઈ છે. પ્રસ્તુત નવલકથાનો કથાસમય લગભગ બે માસ જેટલો છે. એમાંય લેખકે જરૂર લાગે ત્યાં કથાનો વિકાસ-વિસ્તાર કરી બાકીના સમયને ગતિથી સમેટી લેવાનું વલણ રાખ્યું છે. ઉમાશંકર જોશી સરસ્વતીચંદ્રની સમયસંકલના સંદર્ભે નોંધે છે : "સહજસ્ફૂર્ત કલાસૂઝથી સર્જક આખા પુરાણકલ્પ મહાગ્રંથને માત્ર બે માસના અવધિમાં ઢાળે છે એટલું જ નહીં, એ બે માસનો પણ જાણે કે ત્રણ દિવસ અને છ રાત્રિમાં સમાસ કરવા તાકે છે અને બીજી બાજુ એમાંના જ કોઈ દિવસ-રાત્રિને લીધે એ બે માસના સમયના ચૈતસિક વિસ્તરણનો અનુભવ કરાવે છે" [૫]

## ૨.૪. : 'સરસ્વતીચંદ્ર' ના મુખ્ય - મુખ્ય પાત્રો અને તેમનું મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વ :

મનોવિશ્લેષણાત્મક અભિગમથી લખાયેલી નવલકથાઓ મહદંશે પાત્રપ્રધાન કે ચરિત્રપ્રધાન હોય છે. તેમાં અનેક પાત્રોના નિરૂપણ કરતાં કોઈ એક પાત્રના મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વને નિરૂપવામાં-વિસ્તારવામાં-વિકસાવવામાં સર્જકને રસ હોય છે. એની સામે સરસ્વતીચંદ્રમાં આશરે દોઢસો જેટલાં પાત્રો છે. મુખ્ય પાત્રો સરસ્વતીચંદ્ર-કુમુદ ઉપરાંત બુદ્ધિધન, વિદ્યાચતુર, ગુણસુંદરી, કુસુમ, ગાનચતુર, પ્રમાદધન વગેરેના ચરિત્રોને વિકસાવવામાં પણ લેખકે રસ દાખવ્યો છે. અહીં કોઈ એક વ્યક્તિના મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વની નહિ પણ એકથી વધારે વ્યક્તિઓના જુદી જુદી પરિસ્થિતિમાં વિકસેલા મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વની ભાત ઉપસી આવે છે. પ્રત્યેક પાત્ર સાથે તેમના મનોવૈજ્ઞાનિક

વ્યક્તિત્વનું દિશાપરિવર્તન કરનાર ઘટનાઓના વર્ણનો દ્વારા તે દરેકની જુદી જુદી વ્યક્તિત્વરેખાઓ ઉપસાવવામાં સર્જકને રસ છે.

સરસ્વતીચંદ્ર પર પ્રાચીન કે પૌરાણિક કથાસાહિત્યની અસરો સ્પષ્ટપણે વર્તાય છે. પરંતુ છતાં આ કથાકૃતિ એ પૌરાણિક કથાસાહિત્ય કરતાં ભિન્નતા ધરાવે છે. એનું એક કારણ એ છે કે નવલકથા એ પશ્ચિમમાંથી આવેલું સાહિત્ય સ્વરૂપ છે. અને આ સાહિત્યસ્વરૂપ એવું છે જેના કેન્દ્રમાં સમગ્ર માનવસમાજ નહિ પણ કોઈ એક માનવ-વ્યક્તિ હોય છે. વ્યક્તિકથા નિમિત્તે સમાજકથા-સંસ્કૃતિકથા નિર્માય એ એ જુદી વસ્તુ છે. પણ અહીં કેન્દ્રમાં તો વ્યક્તિનું વ્યક્તિત્વ જ હોવું ઘટે. સરસ્વતીચંદ્રને પણ ‘સંસ્કૃતિકથા’ તરીકે ઓળખાવવામાં આવી છે. સર્જક ગોવર્ધનરામનો આશય પણ કથામાં સમગ્ર સમાજને આવરી લેવાનો છે. છતાં એક વાતનો આનંદ છે કે સમાજકથા, સંસ્કૃતિકથા કહેવા જતાં સર્જકે તેની સાથે સંકળાયેલા પ્રત્યેક પાત્રને સ્વતંત્રતાપૂર્વક વિકસવા દીધું છે. એ રીતે ‘સરસ્વતીચંદ્ર’ એ સમાજકથા છે તો વ્યક્તિકથા પણ છે. મનોવિશ્લેષણાત્મક અભિગમથી લખાયેલી નવલકથાનું આ એક વિશિષ્ટ લક્ષણ છે કે તેમાં આસપાસના પરિવેશ કે સામાજિક-સાંસ્કૃતિ વાતાવરણ કરતાં પાત્રના આંતરિક-માનસિક આબોહવાને વિશેષ પ્રગટ કરે છે.

‘સરસ્વતીચંદ્ર’માં આદર્શવાદી, અગતિશીલ (ફ્લેટ) પાત્રો પણ મળે છે અને ગતિશીલ, સંકુલ (રાઉન્ડ) પાત્રો પણ મળે છે. સરસ્વતીચંદ્ર, કુમુદ, માનચતુર, બુદ્ધિધન આદિ પાત્રો પ્રસંગાનુરૂપ જરૂર પડ્યે પોતાના વ્યક્તિત્વમાં પરિવર્તન લાવે છે. અને તેઓ જે સંઘર્ષ કરે છે એમાંથી તેમના નિજી વ્યક્તિત્વની સુવાસ આવે છે. એમનો એ સંઘર્ષ ઉપલક કે સપાટી પરનો સંઘર્ષ નથી એ સંઘર્ષ તેમના અંતરમાંથી ઊઠે છે. આથી આ પાત્રોનું મનોવિશ્લેષણાત્મક અધ્યયન વિશેષ રસપ્રદ બને છે. એની સામે ધર્મલક્ષ્મી, ગુણસુંદરી આદિ પાત્રો આદર્શવાદી છે. તેઓ પોતાના અંગત જીવન કરતાં સામાજિક આદર્શો પર વિશેષ ભાર આપે છે. તેઓ જે સંઘર્ષ કરે છે એ આંતરિક કરતાં બાહ્ય વિશેષ જોવા મળે છે. એવો મતલબ નથી કે ગુણસુંદરીનું આંતરિક વ્યક્તિત્વ અહીં નિરૂપાયું જ નથી. એના આંતરિક કરતાં બાહ્ય સંઘર્ષો પર અહીં વિશેષ ધ્યાન અપાયું છે.

'સરસ્વતીચંદ્ર' નવલકથામાં પાત્રનિરૂપણની બે પદ્ધતિઓ - સર્જક પાત્રના આંતર-બાહ્ય વ્યક્તિત્વનું નિરૂપણ કરે અથવા સર્જક પાત્રમુખે જ તેના વ્યક્તિત્વની રેખાઓ ઉપસાવે – માંથી સર્જક દ્વારા જ પાત્રના આંતર-બાહ્યવ્યક્તિત્વને નિરૂપવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. ટેકનિકલ સમસ્યાઓને નજરઅંદાજ કરી જોઈએ તો આ પદ્ધતિ દ્વારા પણ તેમણે નવલકથામાં નિરૂપાયેલ પાત્રોના ચેતનાવિશ્વને ઉદ્‌ઘાટિત કરવા સારી એવી જહેમત ઊઠાવી છે. સર્જકે પ્રત્યેક પાત્રના બાહ્ય ગુણલક્ષણોનું વિગતે વર્ણન કર્યું છે તો તેમના આંતરિક ગુણલક્ષણોને નિરૂપવામાં પણ સેજે કચાશ નથી રાખી. આ પાત્રોના આંતરિક ગુણલક્ષણો અને તેમના આંતરિક વ્યક્તિત્વને પ્રકાશિત કરવા લેખકે ભાવક માટે બીજો પણ એક માર્ગ કરી આપ્યો છે. તેમણે નવલકથામાં નિરૂપાયેલા સર્વે પાત્રોનું નામાભિધાન તેમના વ્યક્તિત્વના આંતરિક ગુણધમર્નોને આધારે કરેલ છે. દા.ત. 'સરસ્વતીચંદ્ર' એટલે સરસ્વતી-વિદ્યાનો ઉપાસક અને વિદ્યાથી શોભતો. 'ગુણસુંદરી' એટલે બાહ્ય સુંદરતાની સાથે ગુણોની આંતરિક સુંદરતા ધરાવતી સ્ત્રી. 'કુમુદસુંદરી' એટલે બાહ્ય અને આંતરિક રીતે કુમુદ-કમળ જેવી કોમળતાથી શોભતી સ્ત્રી. આથી દરેક પાત્રના મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વનું એક લક્ષણ તો તેના નામને આધારે જ ખબર પડી જાય છે. હવે નવલકથાના કેટલાંક મહત્ત્વના પાત્રોનો મનોવિશ્લેષણાત્મક અભિગમથી અભ્યાસ કરીએ.

## ૨.૪.૧. : 'સરસ્વતીચંદ્ર' ના વ્યક્તિત્વની મનોવૈજ્ઞાનિક ભૂમિકા :

'સરસ્વતીચંદ્ર' આ નવલકથાનો નાયક છે. તેના પાત્રનામને આધારે જ આ નવલકથાનું નામાભિધાન થયેલ છે. તે મુંબઈના જાણીતા અને ધનાઢ્ય વેપારી લક્ષ્મીનંદનનો પુત્ર છે. માતા નાનપણમાં જ ગુજરી ગઈ છે. પિતાએ ગુમાન નામની સ્ત્રી સાથે બીજા લગ્ન કર્યા છે. સરસ્વતીચંદ્ર ભણેલ-ગણેલ છે. તે વકીલાતનો વ્યવસાય કરે છે. તેનું સગપણ રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની પુત્રી કુમુદસુંદરી સાથે થયું છે. સરસ્વતીચંદ્ર એક દિવસ પોતાના ઓરડામાં ભાવિ પત્ની કુમુદની તસ્વીર લગાવે છે. આ દશ્ય અપરમા ગુમાન જોઈ જાય છે અને તેને ન સંભળાવવાનું સંભળાવે છે તથા આ બાબતે પિતા લક્ષ્મીનંદનની કાનભંભેરણી કરે છે. પિતા પણ પુત્રના મનોરથ કે લાગણીને સમજ્યા વિના તેના પર અકળાય છે તેને માઠાં વેણ સંભણાવે છે. જુઓ : " 'જો સાંભળ. ઘણા દિવસથી હું

કાઈ બોલતો નથી પણ માત્ર જોયા કરું છું. તારામાં દિવસે દિવસે ઘણો ફેર થતો જાય છે. એનું કારણ પ્રથમ તો હું સમજી શકતો ન હતો. પણ વિચારતાં અને જોતાં એમ માલૂમ પડ્યું છે કે તારું ચિત્ત સ્વતંત્ર નથી.'

તારો વિવાહ કર્યો તે તારા સુખ અર્થે. પણ એમાંથી જ કુટુંબમાં ક્લેશ ન થાય તે જોવું એ તારી ફરજ છે. કેટલાક જુવાનિયાઓ નાનપણથી વહુઘેલા થઈ જાય છે અને વહુરો તેનો ગેરલાભ લેવો ચૂકતી નથી. વરને ભંભેરી તેને હાથે સકળ કુટુંબનું અહિત કરાવવા તે તત્પર હોય છે. જે વહુરો પરણ્યા પહેલાં આમ કરાવે તે પછીથી શું ન કરાવે તે સમજાતું નથી. પણ વરનું કાળજું ઠેકાણે હોય તો આ કશાની અડચણ નહીં. તારે જ આમ છે એમ મારું કહેવું નથી. હું તો હૂતાર્થ ઉપર કહું છું કે ખબર હોય તો ચેતતા રહેવાય !"[૬] માનભંગ થતાં પુત્રની લાગણી દુભાય છે. તેને એવું લાગે છે કે આ ઘરમાં પોતે સુખી નહિ રહી શકે અને પોતા સાથે પરણનાર ભાવિ પત્ની કુમુદ પણ સુખી નહિ રહી શકે. તે ગૃહત્યાગ કરવાનો નિર્ણય કરે છે. મિત્ર ચંદ્રકાન્ત તેને ખૂબ સમજાવે છે કે ગૃહત્યાગ એ ભૂલભરેલું પગલું છે. તે એને કુમુદસુંદરી સંદર્ભે પૂછે છે ત્યારનો સંવાદ જુઓ : " 'વારુ, કુમુદસુંદરીનો વિચાર કર્યો ?'

'એનો વિચાર ઈશ્વરને સોંપું છું. ટૂંકા પ્રસંગથી ઉત્પન્ન થયેલો સ્નેહ ટૂંકા સમયમાં શાંત થશે. કોઈ સારો વર મળશે એટલે મને ભૂલી જશે.'

'તમે ભૂલ કરો છો. એ મુગ્ધાને હાનિ પહોંચાડી તો તમે અત્યંત પસ્તાશો અને ઈશ્વરના અપરાધી થશો. તમારા ચિત્તમાંથી પણ ખસનાર નથી.' "[૭] સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાન્ત વચ્ચે થયેલ આ સંવાદ સંકેતાત્મક છે. સરસ્વતીચંદ્ર એમ માને છે કે ટૂંકા પ્રસંગથી થયેલો સ્નેહ ટૂંકા સમયમાં શાંત થશે. પણ નવલકથામાં આગળ જતાં આપણે જોઈએ છીએ તેવું નથી થતું. કુમુદ તો પરણ્યા પછી પણ સરસ્વતીચંદ્રને અપાર ચાહે છે. એને સ્મરી સ્મરી પોતાના દુર્ભાગ્યને કોસે છે. બીજી બાબત એ કે ચંદ્રકાન્ત સરસ્વતીચંદ્રને કુમુદના ત્યાગ બાબતે પસ્તાવાની ચેતવણી આપે છે. સરસ્વતીચંદ્ર એ વાતને પણ ગણકારતો નથી. પણ આગળ જતાં તેને પોતાના કર્યા પર ખરેખર પસ્તાવો થાય છે અને કુમુદ-પ્રમાદધનનું મનનું કજોડું તેને ખૂબ દુઃખી કરે છે અને અપરાધભાવનો બોધ કરાવે છે. સરસ્વતીચંદ્ર ચંદ્રકાન્તની વાત માનતો નથી અને પોતાનું ધાર્યું કરે છે. પ્રિયા કુમુદને સગપણ તોડ્યા અંગેનો પત્ર લખે છે :

"શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી,
થઈ રખે જતી અંધ વિયોગથી;
દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી
કર પ્રભાકરના મનમાનીતા!"[૮]

તે ગૃહત્યાગ કરે છે. ગૃહત્યાગની ઘટના એ આ નવલકથાનું અગત્યનું કથાઘટક છે. સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે એટલે જ કથાવિકાસ શક્ય બને છે, કથાની ભાવિ ઘટનાઓ શક્ય બને છે. તેણે લીધેલો ગૃહત્યાગનો નિર્ણય મનોવિશ્લેષણાત્મક દૃષ્ટિએ પણ આસવાદ્ય છે. કુમુદને તે મનોમન ચાહવા લાગે છે. અત્યાર સુધી તે કોઈ સ્ત્રી પ્રત્યે આકર્ષણ નહોતો અનુભવતો કે પરણવા સુધ્ધાનો વિચાર પણ નહોતો કરતો. પરંતુ કુમુદનો પત્ર મળતા, તેના વિચારો જાણતાં તે તેના પ્રેમમાં પડે છે, તેને મનોમન ચાહવા લાગે છે. તેને મળે છે ત્યાર બાદ વધારે ચાહવા લાગે છે. તેના અંતર મનમાં પ્રેમનો ઉમળકો છે. કુમુદની છબિ બનાવવી એ આ ઉમળકાનું જ પરિણામ છે. એક સ્ત્રીને પામવું એ કોઈ પણ પુરુષની ઇડગત (Id) ઈચ્છા હોય છે. સરસ્વતીચંદ્રમાં પણ આ ઈચ્છાને પરિપૂર્ણ કરવાનું વલણ જોવા મળે છે. પરંતુ એ ઇડગત ઈચ્છાને અવરોધે છે સામાજિક અહમ્ (Super Ego).

અહીં પણ સામાજિક અહમ્ (Super Ego) જ સરસ્વતીચંદ્રની ઇડગત ઈચ્છાની પરિપૂર્તિમાં અવરોધક પુરવાર થાય છે. માતા ગુમાનના કુવેણ અને પિતા લક્ષ્મીનંદનની આશંકા તથા ટીકા તેના સામાજિક અહમ્ (Super Ego) ને ઠેસ પહોંચાડે છે. તે પિતાનો ખૂબ આદર કરતો પણ એ પિતાએ તેની લાગણી સમજ્યા વિના જ તેને ન કહેવાનું કહ્યું આથી તેને પિતા આગળ પોતાની જે છાપ હતી એ ખરડાતી લાગે છે. તેને પોતાનું સ્વમાન ઘવાતું લાગે છે. જેની છત્રછાયા હેઠળ એ સુરક્ષા અને સ્નેહ અનુભવતો એ પિતા આગળ જ તે હવે લઘુતાભાવ (Inferiority Complex) અનુભવે છે. એને ભય લાગે છે કે હવે વધુ પિતા સમક્ષ રહીશ તો મારી જે સામાજિક છાપ કે ઓળખ છે તે વધારે ખરડાશે. આમ, એક બાજુ કુમુદને પામવાની ઇડગત ઈચ્છા છે તો બીજી બાજુ પોતાની સામાજિક છાપ જાળવી રાખવાનો સામાજિક અહમ્ છે. આ બંને વચ્ચે ખેંચતાણ થાય છે. આ ખેંચતાણ વચ્ચે સમાધાનકારી વલણ દાખવવાનું કાર્ય કરે છે અહમ્. અહમ્ સરસ્વતીચંદ્રને ગૃત્યાગનો માર્ગ દેખાડે છે. તેનો અહમ્ વિચારે છે જે ઘરમાં મારું માન-સન્માન ન હોય એ ઘરમાં મારી

પત્નીનું કેવું માન સચવાશે ! જો હું મારી સામાજિક છાપને અવગણી મારી ઇડગત-અંતરમનની ઇચ્છાને મહત્ત્વ આપીશ તો ય એ ઇચ્છા પરિપૂર્ણ થયાંના સંતોષ કરતાં દુ:ખ જ વધારે મળશે. એટલે સામાજિક છાપને આઘાત આપી કુમુદને અપનાવું તો એ દુ:ખી થશે. એ દુ:ખી થાય તો મારી ઇચ્છા તો આમે ય રૂંધાશે જ તો બીજો માર્ગ એ છે કે એ ઇચ્છાપૂર્તિને જ સમાપ્ત કરવી અને સામાજિક અહમ્‌ને રૂંધનાર આ પરિવેશથી દૂર ચાલ્યા જવું. તેનો અહમ્ (Ego) દેશભ્રમણ કરી સમાજકલ્યાણ માટે યોગદાન આપી પોતાનો સામાજિક મોભો જાળવી રાખવો તથા કુમુદપ્રીતિની ઊણપ લોકસેવા કરી લોકપ્રીતિ મેળવી દૂર કરવી એવો મધ્યમ માર્ગ દર્શાવે છે. આમ, અહમ્ - (Ego) - પ્રણીત મધ્યમ માર્ગને અનુસરી સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે.

સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ તો કરી દે છે. પણ એને મનોમન દુ:ખ એ વાતનું પણ છે કે મેં આ જે પગલું ભર્યું એમાં કુમુદનો શું વાંક ? ભલે તે પાછો નથી ફરતો પણ અંતરમનથી એક પ્રકારનો લઘુતાભાવ કે અપરાધભાવ તો એ અનુભવે જ છે. તેના એ અપરાધભાવની પ્રથમ અને પ્રત્યક્ષ પ્રતીતિ આપણને 'વાડામાં લીલા' નામના પ્રકરણમાં થાય છે. સરસ્વતીચંદ્ર 'સુવર્ણપુરનો અતિથિ' બને છે. એ જાણતો નથી કે આ સુવર્ણપુર એ પોતે જેનો ત્યાગ કર્યો છે એ કુમુદનું સાસરું છે. સુવર્ણપુરમાં એ એક શિવમંદિરમાં ત્યાંના પૂજારી મુર્ખદત્તના આશ્રયે રહે છે. બીજા દિવસે શિવરાત્રી હોવાથી શિવની મહાપૂજાનું આયોજન કરવા સુવર્ણપુરના કારભારી બુદ્ધિધનના પરિવારજનો આવવાના હતા. આથી મુર્ખદત્ત સરસ્વતીચંદ્રને વાડામાં મોકલી દે છે. બુદ્ધિધનની દીકરી અલકકિશોરી અને તેની સહેલીઓ તથા પુત્રવધૂ કુમુદ શિવપૂજાની તૈયારી કરવા આવી પહોંચે છે. એ જ સમયે ત્યાં બુદ્ધિધન અને કેટલાંક રાજકીય વ્યક્તિઓનું આગમન થાય છે. આથી મંદિરમાં પધારેલ સ્ત્રી વર્ગ વાડામાં જતો રહે છે. વાડામાં અલકકિશોરીની સહેલી રાધાને એક અંગ્રેજી પુસ્તક મળે છે. બુદ્ધિધન પૂછે છે આ પુસ્તક કોનું છે ? મુર્ખદત્ત નવીનચંદ્રની હકીકત કહે છે. બુદ્ધિધન નવીનચંદ્રને બોલાવવા કહે છે. એ સમયે કુમુદ અને નવીનચંદ્ર વચ્ચેનો જે અબોલ વ્યવહાર છે એમાંથી સરસ્વતીચંદ્રનો અપરાધભાવ અને લઘુતાભાવ કેવો કલાત્મક રીતે પ્રગટ થાય છે તે જુઓ : "કુમુદસુંદરી જાણી જોઈ આના સામું જોઈ રહી હતી. કદી કદી તેના દષ્ટિપાત ન ખમાતા હોય એમ આંખો મળતાં તે આંખ ખેંચી લેતો હતો. ઘડીક બેધડક જોઈ રહેતો. ઘડીક

દરકાર ન હોય તેમ જોઈ બીજે ઠેકાણે નજર નાંખતો."[૯] કુમુદ પોતાને નિહાણી રહી છે એ જાણી એ જે હીનભાવ અને અપરાધભાવ અનુભવે છે એનો અણસારો તેની આંગિક-નયન ચેષ્ટાઓ પરથી મળી રહે છે.

આ પછી બુદ્ધિધનના આદેશાનુસાર નવીનચંદ્રએ તેને ત્યાં જ રહેવા-જમવાનું નક્કી થાય છે. એક દિવસ રાત્રે જમાલ ચોરી કરવાના બહાને બુદ્ધિધનના ઘરમાં ઘૂસે છે. એ જે ઓરડામાં પહોંચે છે એ ઓરડો અલકકિશોરીનો હોય છે. અલકકિશોરી સૂતી હોય છે. એને જોઈ જમાલની સુષુપ્ત વિષયવાસના જાગ્રત થઈ જાય છે. એ અલકકિશોરી પર બળાત્કાર કરવાની કોશિશ કરે છે. અલકકિશોરીની ચીસોથી ઘર આખામાં બૂમાબૂમ થઈ પડે છે પણ કોઈ તેની મદદે જઈ શકે એવું નથી. ત્યાં સરસ્વતીચંદ્ર અલકકિશોરીની વહારે ધાય છે. તે તેણીને જમાલના પાસમાંથી છોડાવે છે. પણ કટાર વાગવાથી પોતે ઘાયલ થાય છે. ઉપકારવશ અલકકિશોરી જાતે તેની સેવા કરવા લાગે છે. અલકકિશોરી પરણેલી હતી. ઠાઠમાઠમાં જીવેલી તેણી પોતાના પતિ વિદુરપ્રસાદને પણ નહોતી ગણકારતી. માતાપિતા સિવાય એ કોઈને માન ન આપતી. પરંતુ નવીનચંદ્રે તેનો જીવ બચાવ્યો એટલે એના તરફ તેનું અભિમાન ઓગળે છે. એ સરસ્વતીચંદ્રની સેવા કરતી ત્યારે લોકો તેને સમજાવતાં કે તું જાતે સેવા ન કર ચાકરને કહે તેના પર દેખરેખ રાખે. પણ અલકકિશોરી કોઈનું માનતી નહોતી. આમ, તો અલકકિશોરીનો સરસ્વતીચંદ્ર પ્રત્યેનો ભાવ નિર્દોષ હતો. પણ કૃષ્ણકલિકા તેના ચિત્તમાં કામબીજ રોપે છે. અલક સરસ્વતીચંદ્ર પર મોહી પડે છે. એક દિવસ સરસ્વતીચંદ્ર-નવીનચંદ્ર આરામ કરી રહ્યો હતો. અલકકિશોરી ત્યાં આવે છે. તે તેના હાથ અને અંગો સાથે ચેષ્ટા કરતી હોય છે. એ સમયે કુમુદ સારંગી વગાડતી હોય છે. એ સારંગીના સૂર સાંભળી નવીનચંદ્રની આંખ ઊઘડી જાય છે. તે અલકકિશોરીને એકદમ સંનિકટ જુએ છે અને આખી વાત પામી જાય છે. તે અલકકિશોરીને કહે છે : "અલકબેન, હું તો તમારો ભાઈ થાઉ હોં !"[૧૦] અહીં સરસ્વતીચંદ્રનો નિષ્કામભાવ પ્રગટ થાય છે. એ સાથે સરસ્વતીચંદ્રએ જે હેતુસર કુમુદનો ત્યાગ કરેલો એ હેતુપૂર્તિ માટેની એની મનેચ્છા હજુ બરકરાર છે એ પણ અહીં પુરવાર થાય છે. જો તે અલકકિશોરીની માયાજાળમાં ફસાઈ જાત તો ભાવકનો તેના પ્રત્યેનો સમભાવ કદાચ ઓસરી જાત. તે અલકકિશોરીની અમૂંઝણ ભરેલી અવસ્થા જોઈ તેણીને દિલાસો આપતા કહે છે : "બહેન ! અમૂઝાશો નહીં. એક ભૂલ

તો બ્રહ્માએયે કરી છે. ફરી ભૂલ ન કરશો. તમારું અંતઃકરણ પવિત્ર છે તે હું જાણું છું. હું નાદાન નથી. થયું તે ન થયું થનાર નથી. ગઈ ગુજરી વિસારી દો. તમારો ધર્મ અંતે સચવાયો તે ઈશ્વરનો ઉપકાર માનો."[૧૧] અહીં તે અલકકિશોરીના અંતઃકરણને પવિત્ર કહે છે એ સાથે પોતાના અંતઃકરણની પવિત્રતા પણ પુરવાર કરે છે. અલકકિશોરીનો ધર્મ સચવાયો એ સાથે એણે પોતે પણ પોતાનો ધર્મ સાચવી રાખ્યો છે એની ખાત્રી મળી રહે છે.

કુમુદસુંદરીના સારંગીના સૂર સરસ્વતીચંદ્રને સાવધ-જાગ્રત કરે છે અને અલકકિશોરીવાળા પ્રસંગમાંથી ઉગારી લે છે. પણ એ પછી કુમુદનો દષ્ટિપાત્ જોતાં એને એવું લાગે છે કે કુમુદ હજુ પતિવ્રતા નથી. તે મનોમન પોતાને ચાહે છે. તે વિચારે છે : "લગ્નનો સંબંધ શરીર વાસ્તે જ હોય ત્યારે તો પ્રમાદધનથી કુમુદસુંદરીને સંપૂર્ણ સંતોષ મળવો જોઈએ, સરસ્વતીચંદ્રનું ભૂત એના મગજમાં જ હોવું જોઈએ. લગ્ન અને શરીરસંબંધ એક હોય તો જ્યાં સુધી કુમુદસુંદરીના મગજમાંથી આ ભૂત ખસ્યું નથી ત્યાં સુધી એના પતિવ્રતમાં ખામી છે."[૧૨]

ઉપરના વિચાર બાદ તેને કુમુદ સમક્ષ પોતાની ઉપસ્થિતિ ખૂચવા લાગે છે. પોતાની ઉપસ્થિતિ કુમુદના પતિવ્રતા જીવન પર ખરાબ અસર કરશે એવું તે અનુભવવા લાગે છે. તેને એ વાતની પણ પ્રતીતિ થાય છે કે કુમુદ હજુ તેને ચાહે છે પણ સરસ્વતીચંદ્ર તો વૈરાગ્યના નશામાં છે એટલે ઊલટો કુમુદના પતિવ્રતાપણાંમાં જ દોષ જુએ છે અને પોતાની ઉપસ્થિતિને કોસે છે.

પરંતુ જ્યારે સરસ્વતીચંદ્રને કુમુદપતિ પ્રમાદધનના દુષ્કૃત્યોની જાણ થાય છે. રામસેન પાસેથી તે જાણે છે કે કુમુદપતિ પ્રમાદધનને ગણિકા પદ્મા સાથે અનૈતિક સંબંધો છે. ત્યારે તે ખૂબ જ દુઃખી થઈ જાય છે અને પોતાની જાતને નિંદે છે, લઘુતા (Inferiority) અનુભવે છે કારણ કે પોતાને કારણે જ, પોતે કુમુદને ત્યાગી એટલે જ તેણીને આજે આવા દુઃખો વેઠવાના થયા. તે અપરાધભાવ (Guilt Complex) અનુભવવા લાગે છે. પ્રમાદધનને પદ્મા સાથે આડસંબંધ છે એ જાણી સરસ્વતીચંદ્ર વિચારે છે તે જુઓ : "અહંહંહં- કુમુદસુંદરી-વિશુદ્ધ પવિત્ર કુમુદસુંદરી- હવે તો જુલમની હદ વળી. સરસ્વતીચંદ્ર ! આ સૌ પાપ તારે માથે. અવિચારી સાહસિક ! જુલમ કર્યો છે.....

પતિવ્રતાનો પ્રતાપ જોયો ? આવો ભ્રષ્ટ ચાકર, તે પણ એ અમાત્યદંપતીને પેટે અવતાર લેવામાં ભાગ્ય માને છે !

પણ મારામાં અને પ્રમાદધનમાં શો ફેર ? વિદ્યા અને અવિદ્યામાં શો ફેર ? એ આચારમાં દૂષિત થયો છે - તું વિચારમાં દૂષિત થયો." [૧૩]

સરસ્વતીચંદ્ર કુમુદસુંદરીનું અહિત થતાં જુએ છે અને એમાં પોતાને જ દોષી સમજે છે એ અહીં સ્પષ્ટ જણાય છે. તે કુમુદને જે જુલમ, જે અન્યાય સહેવો પડે છે એનું પાપ પોતા પર લે છે એમાં જ તેનો અપરાધભાવ (Guilt Complex) પ્રગટ થાય છે. પોતે કુમુદનો ત્યાગ કરી એને દુઃખમાં નાખી એ બાબતે સરસ્વતીચંદ્ર પસ્તાય છે. મનોમન એ એવું પણ વિચારે છે કે જો કુમુદ સાથે તે પરણ્યો હોત તો ભાગ્યશાળી થાત. પણ વિધિની વક્રતાથી અણધાર્યું થયું. હવે પસ્તાવા અને કુમુદ માટે કંઈક કરી છૂટવાના વિચાર સિવાય તે લાચાર છે. જુઓ : " 'કુમુદસુંદરી ! હું તારે વાસ્તે શું કરું ? તારી ઈચ્છા મારા મુંબઈ જવામાં સમાપ્ત થાય છે ! ખરે ! તું સતી છે. અણગમતા પુરુષને વશ ન થવામાં ઘણીક સ્ત્રીઓ ભયને ગણતી નથી - તેમનું સતીપણું વધારે કે આટલી ઊંડી અને ન ભૂંસાય એવી પ્રીતિ છતાં મળેલા પ્રસંગે આટલી દઢતા રાખે તેનું સતીત્વ વધારે ? સીતાને રાવણ ઉપર પ્રીતિ ન હતી અને તેનાથી એ વિમુખ થાય એમાં નવાઈ શી ? કુમુદસુંદરી ! તેં એ નવાઈ કરી - તેં મને બોધ આપ્યો. હું નહોતો જાણતો કે મારામાં આટલી નિર્બળતા હશે. તેં આ બીજી વાર મારું રક્ષણ કર્યું. મેં તારો ત્યાગ ન કર્યો હોત તો તારાથી હું ભાગ્યશાળી થાત ! હવે તારો ત્યાગ કરવામાં જ મારું ભાગ્ય રહ્યું. તારો ઉપદેશ માનવો ?'

'ક્ષમા કરજે- તારો ઉપદેશ નહીં મનાય. મેં તારી આ દશા કરી દીધી તેનું પ્રાયશ્ચિત્ત મારે કરવું જોઈએ. હું અથડાઈશ, ભમીશ અને તને સ્મરીશ - મારે મોટા નથી થવું. સંસાર, વૈભવ, મોટાઈ, એ સૌ કોને માટે ? પિતાને વાસ્તે હું સંસારમાં રહ્યો હતો – તારી 'માયા' મને ઉપભોગમાં ઇન્દ્રજાલ દેખાડત. પિતાની વૃત્તિએ મને સંસારમાંથી મુક્ત થવા સ્વતંત્રતા આપી – તારો ત્યાગ કરી હું સંન્યાસી થયો ! હવે એ સ્વપ્ન જોવાં તે શા માટે ?' "[૧૪]

આમ, જે સ્વાભિમાનથી તેણે ઘર છોડ્યું હતું એ સ્વાભિમાન જ તેને કુમુદની સલાહ પ્રમાણે પુનઃ મુંબઈ જતાં અવરોધે છે. તે કુમુદના કહ્યા પ્રમાણે સુવર્ણપુર છોડી દે છે. રસ્તામાં તે બહારવટિયાઓને હાથે ઘાયલ થાય છે. 'જંગલ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર' નામના

પ્રકરણમાં તે રાત્રિની ભયાનકતાનો સાક્ષી બને અને ભાવકને પણ ભયાનક રસનો અનુભવ કરાવે છે. આ પ્રકરણમાં તે મૃત્યુને મુખોમુખ જોયાનો અનુભવ કરે છે. ઘાયલ અવસ્થામાં એ ત્યાં જ પડી રહે છે. રસ્તામાંથી કેટલાક સાધુઓનું ટોળું પસાર થાય છે તેઓ બેભાન સરસ્વતીચંદ્રને પોતાની સાથે લઈ લે છે. સરસ્વતીચંદ્ર વિષ્ણુદાસબાવાના સાંનિધ્યમાં પહોંચે છે. બીજી બાજુ પિયર જવા નીકળેલી કુમુદને બહારવટિયાઓથી તો દાદા માનચતુર બચાવે છે પણ પગ લપસ્તાં તે પાણીમાં તણાય છે અને ચંદ્રાવલીમૈયા પાસે પહોંચે છે. ‘તારામૈત્રક’ નામના પ્રકરણમાં કુમુદ સરસ્વતીચંદ્રને સાધુઓ સાથે જુએ છે અને અશ્રુધારા વહાવે છે. ચંદ્રાવલીમૈયાના કાને આ વાત પહોંચે છે. એ સાધુજનોની પરંપરા અને પ્રથા ખરેખર આશ્ચર્યજનક અને આવકાર્ય છે. એ મુજબ સાધુ થયેલા કોઈ સ્ત્રીપુરુષનું મન મળી જાય તો તેઓ એક થઈ શકે અને એક થઈને પણ તેઓ લોકકલ્યાણનું કાર્ય કરી શકે. આ પરંપરાને અનુસરી ચંદ્રાવલીમૈયા સરસ્વતીચંદ્ર-કુમુદને એક કરવાના હેતુથી સરસ્વતીચંદ્રને સમજાવવા જાય છે. એ સમયે ચંદ્રાવલી-સરસ્વતીચંદ્ર વચ્ચે જે સંવાદ થાય છે તે જુઓ :

“ચંદ્રાવલી - ‘આપ આ આશ્રમમાં સર્વની સાથે શયન રાખો છો તેને સ્થાને ગુરુજી જાતે જ નિરાળો એકાંતવાસ આપે તો આપે સ્વીકારવો.’

સરસ્વતીચંદ્ર - ‘ગુરુજીની ઈચ્છા તે આજ્ઞા જ છે.’

ચંદ્રાવલી - ‘આપની ઈચ્છા પૂછે તો તેમાં પણ આ યોજનાને જ અનુકૂળ રહેવું.’

સરસ્વતીચંદ્ર - ‘આ આશ્રમમાં હું ગુરુજીની પ્રસન્નતા ઈચ્છું છું – બીજી ઈચ્છા દર્શાવતો નથી.’

ચંદ્રાવલી - ‘દર્શાવતા નહીં હો પણ રાખતા તો હશો જ’

સરસ્વતીચંદ્ર - ‘હૃદયતંત્ર તો જે હોય તે ખરું’ ”[૧૫]

સરસ્વતીચંદ્રને ચંદ્રાવલીમૈયા કહે છે કે રાત્રે એકાંતવાસમાં રહેજો જેથી મધુરીમૈયા-કુમુદ આપને મળી શકે ત્યારે તે સ્પષ્ટ હા કે ના કહેવાને બદલે ગુરુજીની ઈચ્છા અને પ્રસન્નતાને પ્રાધાન્ય આપે છે. ચંદ્રાવલીમૈયા કહે છે તમે પણ મનોમન કુમુદને મળવાની અભિલાષા તો સેવતા હશોને ત્યારે સરસ્વતીચંદ્ર હૃદયતંત્ર પર બધો ભાર નાખે છે. અહીં પણ તેનો સામાજિક અહમ્ કામ કરતો જણાય છે. જો એ સ્પષ્ટ હા પાડી દે તો પોતાની મનેચ્છા તરત વ્યક્ત થઈ જાય અને જો તે ના પાડી દે તો કુમુદ સમક્ષ નિર્દય સાબિત થાય.

સરસ્વતીચંદ્રે જાણ્યે-અજાણ્યે કુમુદને જે ઠેસ પહોંચાડી છે તેની પીડા, તેનો અપરાધભાવ સૌપ્રથમ ચંદ્રાવલીમૈયા સમક્ષ ખુલ્લીને પ્રગટ કરે છે. જુઓ :

"સરસ્વતીચંદ્રના નેત્રમાં અશ્રુધારા અપ્રતિહત થઈ. ભીંત ભણી મસ્તક ટેકવી તે સાંભળી રહ્યો હતો તે સાંભળી ઊંડા પ્રચ્છન્ન આવેશમાં પડી મુખે મંદમંદ બોલવા લાગ્યો.

'જેટલો આરોપ મૂકે તે સત્ય છે, ઉચિત છે. મૈયા, હવે તો મારે દુષ્યન્તનું સદ્ભાગ્ય હતું તેનો માત્ર એક અંશ માગવાનો બાકી રહ્યો.' "[૧૬]

તે કુમુદ દ્વારા મૂકાનાર કોઈ પણ આરોપ પોતાને શિરે લેવા તૈયાર છે. તેની અશ્રુધારા અને વેદના તેના અપરાધભાવની પ્રતીતિ કરાવે છે. તેના જ શબ્દોમાં તે જે અપરાધભાવ અનુભવે છે તે જુઓ : "શકુંતલાને ચરણે પડી, દુષ્યંતે ક્ષમા મેળવેલી. મૈયા, હું એવી ક્ષમા મેળવવા ઈચ્છું છું. પણ તે ક્ષમાને માટે દુષ્યંતની યોગ્યતા હતી એવી મારી નથી. મને કોઈનો શાપ ન હતો, મારા મનને ઈષ્ટ જનની વિસ્મૃતિ ન હતી અને મેં ફૂલની માળાને સર્પ જાણી ફેંકી દીધી નથી. ઉભય હૃદયની પ્રીતિ જાણી, સર્વ વાત પ્રત્યક્ષ છતાં, કોમળ સુંદર અને સુગંધી પુષ્પમાળાને, જાણી જોઈને ગ્રીષ્મમધ્યાહ્નમાં સૂર્યના તડકા વચ્ચોવચ બળી જાય એમ, મૂકી દીધી. ક્ષમા માગવાનો પણ મારો અધિકાર નથી; છતાં આ અધમ હૃદય ક્ષમાને ઈચ્છે છે. તે મળે એટલે સંસારમાં મને બીજી વાસના નથી."[૧૭]

ચંદ્રાવલીમૈયા અશ્રુધારા સાથે સરસ્વતીચંદ્રને સાંત્વના આપતા કહે છે કે મધુરીમૈયાનો 'હૃદયસાગર ક્ષમાના તરંગોથી ઊભરાય છે' ત્યારે સરસ્વતીચંદ્ર વધુ દુઃખી થાય છે અને તેના અપરાધભાવ-દોષભાવને વધારે વળ ચડતો જણાય છે, જુઓ : "તેની ઉદારતા જેમ જેમ આમ વધે તેમ તેમ મારી કૃપણતા વધારે વધારે ક્ષુદ્ર લાગે છે. મારો દોષ ક્ષમાને માટે વધારે વધારે અપાત્ર થાય છે, અને મારું પ્રાયશ્ચિત વધારે વધારે દુર્લભ બને છે."[૧૮] આમ, સરસ્વતીચંદ્ર પોતાને દુષ્યંત કરતાં પણ કમનસીબ અને વધારે ગુનેગાર સમજે છે. દુષ્યંતે જે કંઈ કર્યું એમાં દુર્વાસામુનિએ આપેલ શાપને કારણે શકુંતલાની વિસ્મૃતિ કારણરૂપ છે. દુષ્યંત જ્યારે શકુંતલાનો ત્યાગ કરી એને અન્યાય કરે છે ત્યારે એ પોતે પોતા દ્વારા થઈ રહેલા આ અન્યાયથી બિલકુલ અજાણ હતો. એ વિવશ હતો. જ્યારે સરસ્વતીચંદ્ર કુમુદનો ત્યાગ કરે છે ત્યારે એ આવી કોઈ વિવશતા નહોતો ધરાવતો. તે ભણેલો-ગણેલો પોતાના પગ પર ઊભો રહી શકવા સક્ષમ હતો. તેણે કુમુદના મનની ઈચ્છા જાણ્યા વિના

તેનો ત્યાગ કર્યો. તેણે એક પળ એટલું પણ ન વિચાર્યું કે કુમુદ જેવી કોમળ કન્યાના હૃદયને પોતાના આવા કૃત્યથી કેવો આઘાત લાગશે. કુમુદ પ્રત્યે આ કારણે તે તીવ્ર અપરાધભાવ અનુભવે છે. કુમુદ સમક્ષ પણ તે પોતાનો અપરાધભાવ વ્યક્ત કરે છે, જુઓ :

"સરસ્વતીચંદ્ર - 'કુમુદસુંદરી ! મેં તમને બહુ દુ:ખી કર્યાં.'"[૧૯]

"સરસ્વતીચંદ્ર - 'થયેલી મૂર્ખતા અને દુષ્ટતા ચિત્તમાંથી ખસતી નથી.'"[૨૦]

અહીં સરસ્વતીચંદ્ર કુમુદ સમક્ષ પોતાનો અપરાધ કબૂલતો જણાય છે. પણ જ્યારે ભાવક એ જાણે છે કે સરસ્વતીચંદ્રએ ગૃહત્યાગ કર્યા પછી અપરાધબોધ થતાં તે કુમુદને લેવા રત્નનગરી તરફ જવા પ્રયાણ કર્યું હતું. પરંતુ સમુદ્ર સફરમાં પવન વિપરીત હોવાને કારણે ઘણો સમય વીતી જાય છે અને જ્યારે તે રત્નનગરી પહોંચે છે ત્યારે તો કુમુદ પ્રમાદધન સાથે પરણી સુવર્ણપુર જઈ ચૂકી હતી. આ હકીકત જાણતા અત્યાર સુધી જે સરસ્વતીચંદ્રને ભાવક કુમુદની અવદશા માટે કારણરૂપ માને છે એ સરસ્વતીચંદ્ર પ્રત્યે તેને સહાનુભૂતિ અને સમભાવ થવા લાગે છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોઈએ તો અત્રે બીજો એક પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે કે સરસ્વતીચંદ્ર સુવર્ણપુરમાં શા માટે આવે છે અથવા સંજોગાવશાત્ આવી જાય છે તો શા માટે તે કુમુદ સમક્ષ રહેવાનું પસંદ કરે છે ? જો તેણે કુમુદનો ત્યાગ કર્યો હોય છે, કુમુદ હવે પરદારા છે તો એ ત્યાં રહે તો કુમુદને પડનારી મુશ્કેલી કે માનસિક સંત્રાસનો તેને અંદાજો નહિ હોય ? મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ આ સવાલની બે શક્યતાઓ જોઈ શકાય. એક, કાં તો સરસ્વતીચંદ્ર પોતાને થયેલા અપરાધબોધથી દોરવાઈ કુમુદની ક્ષમા યાચવા આવ્યો હશે. અથવા બે, એક પ્રેમી તરીકે પોતાની ભૂલને લીધે પ્રિયતમાની કેવી દશા-દુર્દશા થઈ છે એનો ક્યાસ કાઢી પોતે એની સમક્ષ રહી એને સુખી કરવાનો પ્રયાસ કરશે એ હેતુથી તે અહીં આવ્યો હશે. બીજી શક્યતા એટલે વધારે ખરી લાગે છે કે નવીનચંદ્રરૂપી સરસ્તીચંદ્ર ધીરે ધીરે બુદ્ધિધનના કારભારીકાર્યમાં પણ રસ લેવા લાગે છે. પણ ઘટનાઓ એવી ઘટે છે કે જે કુમુદસુંદરીને પોતે સુખી જોવા ઇચ્છે છે એ પોતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિથી વધારે દુ:ખી થાય છે. કદાચ એક માનવી તરીકે હજુ એના ચિત્તમાં કુમુદપ્રીતિની અભિપ્સા હશે પરંતુ કુમુદના પવિત્ર મનને જાણ્યા પછી તેની એ લૌકિકપ્રીતિનું સ્થાન વિશુદ્ધપ્રીતિ લે છે. હવે તેના માટે શરીરીપ્રેમ કરતાં હૃદયનો પ્રેમ, આત્માનો પ્રેમ વધારે મહત્ત્વનો છે. મનોવિશ્લેષણાત્મક

પરિભાષામાં કહીએ તો આ ઊર્ધ્વીકરણની પ્રક્રિયા છે. એટલે જ કુમુદ જ્યારે તેને પાછો પોતાને ઘેર મુંબઈ જતા રહેવા કહે છે ત્યારે એમ કરવાને બદલે તે સમાજકલ્યાણનો માર્ગ અપનાવે છે. કુમુદ જ્યારે ફરી એને ચિરંજીવશૃંગ પર મળે છે ત્યારે તેના પ્રત્યેનો તેનો શરીરી પ્રેમ વધારે ઊર્ધ્વગામી બને છે. છેલ્લે જ્યારે એ કુમુદની વાત માની કુસુમ સાથે પરણે છે ત્યારે તેમાં પણ લોકહિતની ભાવના રહેલી જોઈ શકાય છે. એ સમય અને સમાજ એવો હતો કે જેમાં એક વિધવા સાથે પરણી પુરુષ લોકસેવા કે લોકકલ્યાણ કરવા જાય તો પણ લોકો તેને આવકારી ન શકે, સ્વીકારી ન શકે. આથી કુસુમ સાથે લગ્ન કરે તો એ ત્રણે સાથે મળીને લોકકલ્યાણનું કાર્ય કરી શકે એવી યોજનાથી તે આ પગલું ભરે છે. આમ, કરવાથી કુમુદનો સામાજિક માન-મોભો પણ જળવાઈ રહે અને પોતાને જે કાર્યમાં રસ છે એને પૂર્ણ કરવાનો અવકાશ પણ મળી રહે.

આમ, પ્રસ્તુત નવલકથામાં સરસ્વતીચંદ્રનો અપરાધભાવ, કુમુદ પ્રત્યેના તેના પ્રણયભાવમાં આવતી ભાવશબલતા અને તેના વ્યક્તિત્વનો ઊર્ધ્વગામી વિકાસ એ મનોવિશ્લેષણાત્મક દૃષ્ટિએ આસ્વાદ્ય વિષય બની રહે છે.

### ૨.૪.૨. : 'કુમુદસુંદરી' ની વ્યથા અને ભાવાંદોલિત મનઃસ્થિતિ :

કુમુદસુંદરી- કુમુદ આ નવલકથાની નાયિકા છે. તે ગુણસુંદરી અને વિદ્યાચતુરની પુત્રી છે. માતાના ગુણ અને પિતાના મુક્ત વિચારોનો વારસો તેને સંસ્કારરૂપે મળેલા છે. તે ભણેલી-ગણેલી છે. સમજુ છે. વય થતાં સરસ્વતીચંદ્ર સાથે તેનો વિવાહ થાય છે. પિતા પર સરસ્વતીચંદ્રનો આવેલો કાગળ તે ચોરીછૂપીથી વાંચે છે અને આવો સુંદર પત્ર સરસ્વતીચંદ્ર પોતા પર પણ લખે એવા અભિલાષથી પ્રેરાઈ તે સરસ્વતીચંદ્ર પર પત્ર લખે છે. એ પત્ર પર મથાળું બાંધે છે - 'મારા ચંદ્ર' અને 'આપની કુમુદ' - એવા અંતથી પત્ર પૂર્ણ કરે છે. પત્રના આ બે સંબોધનોથી જ સરસ્વતીચંદ્ર પ્રત્યે તેને કેટલી કેવી રોમાંચક પ્રીતિ હશે એ સર્વ સહૃદય સમજી શકે.

વિધિની વક્રતા ગણો કે જે ગણો તે કુમુદનું આ સુખ ઝાઝું ટક્યું નહિ. સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે. વિવાહ ફોક થાય છે. માતા-પિતાને વયસ્ક પુત્રીની ચિંતા સતાવે છે એવામાં સુવર્ણપુરના કારભારી બુદ્ધિધનના પુત્ર પ્રમાદધન માટે માગું આવે છે. ઘર બરાબર

લાગતા માતા-પિતા દીકરીને પરણાવે છે. કુમુદ પ્રમાદધન સાથે પરણે તો છે જ પણ હજુ તેના ચિત્તમાંથી સરસ્વતીચંદ્ર પ્રત્યેનો રાગ-પ્રેમ ભૂંસાયો નથી. સરસ્વતીચંદ્રે પોતાનો ત્યાગ કર્યો એથી તેને જે મનોવ્યથા થાય છે તેનો સૌપ્રથમ અને સક્ષમ અનુભવ પ્રથમ ભાગના સાતમા પ્રકરણ ‘વાડામાં લીલા’માં થાય છે. સખી વનલીલા એક ગીતની કડી ગાય છે :

“આશાભંગ થઈ ભામિની,
રુએ, સ્તુતિ કરે સ્વામીની”[૨૧]

આ પંક્તિ સાંભળી કુમુદને સરસ્વતીચંદ્રની યાદ આવે છે અને તે વનલીલાથી છૂટી પડી એ ગીતને આગળ વધારે છે. કુમુદ આગળ જે ગીત ગાય છે તેમાં સરસ્વતીચંદ્રએ તેનો ત્યાગ કર્યો એથી તેને જે વ્યથા થઈ એ વ્યથા આ કડીઓમાં સુંદર અને કાવ્યાત્મક રીતે સાકારિત થઈ છે, જુઓ :

“ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંય ?
પડ્યું તિમિરે કુમુદ મીંચાય !”[૨૨]

‘ચંદ્ર’ એ સરસ્વતીચંદ્ર માટેનું સંબોધન છે આગળ પત્રવાળા પ્રસંગમાં જોયું એ ચંદ્રએ પોતાને તજી આથી પોતાનું જીવન અંધકારમાં ધકેલાઈ ગયું એવી વ્યથા અહીં વ્યક્ત થઈ છે. એથી યે આગળ જતાં તે બોલે છે :

‘સૂઝયું ભ્રમર તને શાથી આવું રે ?
કેમ કમળ તજી દઈ જવાયું રે ?’[૨૩]

સરસ્વતીચંદ્રને તે ભ્રમરની ઉપમા આપે છે. તેણે કુમુદ-કમળનો ત્યાગ કેમ કર્યો એવો સવાલ તે મનોમન સરસ્વતીચંદ્રને કરે છે. અહીં પણ સરસ્વતીચંદ્ર તેનો ત્યાગ કરે છે એથી તેને થયેલી વ્યથા અભિવ્યક્ત થાય છે.

એમાંય એની પીડા તો ત્યારે વધે છે જ્યારે ફરતાં ફરતાં સરસ્વતીચંદ્ર નવીનચંદ્ર નામ ધારણ કરી સુવર્ણપુરમાં પોતાની સાસરીમાં જ આવી રહેવા લાગે છે.

પરંતુ હવે તે કુંવારી કન્યા નથી. કોઈકની પત્ની છે. સરસ્વતીચંદ્રનો પ્રેમ એ એનું અતીત છે. પતિવ્રતા નારી તરીકે તથા ગુણવાન અને શિક્ષિત પરિવારમાંથી આવતી સ્ત્રી તરીકે કુમુદ બરાબર સમજે છે કે પરણ્યા પછી પરપુરુષનું સ્મરણ પણ પાપ છે. પણ ચિત્ત કંઈ કોઈનું કહ્યામાં થોડું રે ! તે વિવશ છે. તે કિંકર્તવ્યમૂઢ અવસ્થામાં છે. એક બાજુ તે

પતિવ્રતાધર્મને પાળવા ચાહે છે પણ બીજી જ પળે તેના ચિત્તમાં પ્રિયતમ પ્રત્યેની પ્રીતિ સજીવ થાય છે. તેના આવા વિવશ અને દોલાયમાન વ્યક્તિત્વને અનુલક્ષી સર્જક તેના દિવાસ્વપ્નને વર્ણવતા કહે છે : "જાગ્રત અવસ્થામાં સ્વપ્નની પેઠે કુમુદસુંદરીના મગજમાં સરસ્વતીચંદ્ર આબેહૂબ ખડો થયો. પળવાર એક મોટા અરણ્યમાં એક ઝાડની છાયા તળે ઊભેલો દેખાયો. બીજી પળે એક ગામડાની ભાગોળે કોઈ કણબીના ખાટલા ઉપર થાક્યો પાક્યો બેઠેલો લાગ્યો. વળી એક મહાનગરના ધોરી રસ્તા પર ભીડમાં એકલો અજાણ્યો અપ્રસિદ્ધ અથડાતો લાગ્યો. થોડીવારમાં એક ધર્મશાળામાં માંદો પડેલો અને કોઈ સંભાળનાર ન મળે એવું સ્વપ્ન થયું. પોતાની પાસે વેશ બદલી ઊભો રહ્યો હોય અને પોતે ઠપકાભરી આંખે જોતો હોય એમ લાગ્યું. આ જાગતી નિદ્રા - આ અવસ્થા - તેને ઘણીવાર અનુભવવી પડતી હતી, પરંતુ તે તેને પતિવ્રતાધર્મથી વિરુદ્ધ લાગતી હતી અને કાંઈક ઉપાય કરવા ઇચ્છતી હતી. સાસરે આવ્યા પછી આ આધિથી તે દૂબળી થઈ ગઈ હતી અને મન પણ નબળું પડ્યું હતું."[૨૪]

સાસરીયાંઓને એમ લાગે છે કે પિતાનું ઘર છૂટ્યું છે અને આ પરાયા ઘરમાં હજુ અનુકૂળતા નઈ આવી હોય એટલે દુઃખને કારણે શરીર - મનની આ દશા થઈ હશે. પરંતુ લેખક, ભાવક અને કુમુદ સ્વયં પોતાનો રોગ જાણે છે. તે પરપુરુષ થયેલા સરસ્વતીચંદ્રને ભૂલાવવા માટે પુસ્તકવાચનમાં મગ્ન થવા મથે છે. આ માટે તે પ્રમાદધન પાસે મુંબઈથી પુસ્તકો પણ મંગાવે છે. પરંતુ એ પુસ્તકો આવ્યા નથી એટલે તેનું ચિત્ત વારંવાર સરસ્વતીચંદ્રને સ્મર્યા કરે છે. વાડામાં ગયેલી કુમુદ હજુ સરસ્વતીચંદ્રને યાદ કરતી હોય છે ત્યાં જ વનલીલા તળાવની પાળ પર સૂતેલા નવીનચંદ્ર-સરસ્વતીચંદ્ર પાસે તેને લઈ જાય છે. તેને જોતાં જ તેની મનઃસ્થિતિમાં અનેકાનેક આંદોલનો શરૂ થાય છે. તેની એ ભાવશબલ અને દોલાયમાન મનોદશા મનોવિશ્લેષણાત્મક દૃષ્ટિએ ખૂબ જ રસપ્રદ બની રહે છે, જુઓ :

"ગરીબ બિચારી કુમુદસુંદરી ! નવીનચંદ્ર પાછળ એની આંખ ગઈ, પોતે અને વનલીલા પાછાં ફર્યાં તોપણ આંખ પાછી ફરી નહીં, અને એક પાસ આંખ અને બીજી પાસ શરીર એમ ચાલ્યાં. થોડીક વાર પહેલાં જેનો ચિતાર મન આગળ હતો તેના જેવો જ નવીનચંદ્ર લાગ્યો. 'શું એ જ સરસ્વતીચંદ્ર ? ભમતા ભમતા અહીંયા આવ્યા હશે ? ના, ના, એમ તો ન હોય. મારી કેવી દશા થઈ તે જોવા અહીંયા હશે ? ના, ના, એમ એ મારા

દુઃખની મશ્કરી કરે એવા નથી. પણ છે તો એ જ – હા કહો કે ના. હશે.' – નિઃશ્વાસ નાંખી - 'મારે હવે એની સાથે શો સંબંધ છે ? એનો તો વિચાર જ કાઢી નાંખવો. એ હોય તોયે શું ને બીજો હોય તોયે શું ? ઈશ્વરે જેની સાથે પાનું પાડ્યું તે ખરો, બીજા સૌ ખોટા.' નરમ બની મરજી ઉપરાંત વનલીલા સાથે ચાલી. વળી વિચાર થયો : 'પણ એ જ એ હોય તો સારું હશે. મારે એનો બીજો કાંઈ તો સ્વાર્થ નથી, મારી પ્રીતિનો કળશ તો લગ્નથી રેડાયો તે રેડાયો. પણ આ અહીંયા રહેશે તો કોઈ વખત કોઈની સાથે પણ વાત કરશે તે એકલી બેઠી બેઠી સાંભળીશ...... '

'પણ એ તો અહીંયા રહે તો સારું એની ક્ષેમકુશળતા જાણીને જ મગ્ન રહીશ. મારો રોગ જશે. મારે બીજું વધારે શું જોઈએ ? આટલો જ સંબંધ રહે તેમાં શો દોષ ? એની સાથે બોલીશચાલીશ નહીં. એના સામું જોઈશ નહીં. માત્ર એ કોઈની સાથે વાત કરશે તે સાંભળીશ. એને ક્ષેમકુશળ જાણી મને ચિંતા નહીં રહે.' "[૨૫]

અહીં આપણે તેની દોલાયમાન મનઃસ્થિતિને બરાબર પામીએ છીએ. એના અંતરમનની, મનોવિશ્લેષણની પરિભાષામાં કહીએ તો તેની ઈડગત (Id) અભિપ્સા એ છે કે સરસ્વતીચંદ્ર તેની સમક્ષ રહે. પણ તેનો સામાજિક અહમ્ (Super Ego) તેને અવરોધે છે. સામાજિક અહમ્ (Super Ego) તેને તેના પતિવ્રતાધર્મની યાદ અપાવે છે. આ બંનેના વિરોધમાંથી અહમ્ (Ego) મધ્યમાર્ગ કાઢે છે. તે આ બંનેના સંઘર્ષને શાંત કરવા કુમુદ પાસે એવું બોલાવરાવે છે કે સરસ્વતીચંદ્ર એની સમક્ષ રહેશે તો એ એને ક્ષેમકુશળ જોઈ શકશે જેથી તેની ઈડગત ઈચ્છાઓ પરિતૃપ્ત થશે. વળી, એ સરસ્વતીચંદ્ર સમક્ષ ક્યારેય જોશે, કે બોલશે નહિ એથી તેનો સામાજિક મોભો પણ જળવાઈ રહેશે, અને એમ સામાજિક અહમ્ (Super Ego) નો સંઘર્ષ પણ ઓછો થશે.

બુદ્ધિધન જ્યારે સરસ્વતીચંદ્રને સુવર્ણપુરમાં રહો ત્યાં સુધી પોતાને ઘેર જમવાનું નિમંત્રણ આપે છે ત્યારે કુમુદસુંદરીના મનમાં જે આંદોલનો જન્મે છે એ પણ આ સંદર્ભને અનુલક્ષે છે. બુદ્ધિધન નિમંત્રણ આપે છે ત્યારની કુમુદની મનઃસ્થિતિ જુઓ : "કુમુદસુંદરીની ચિત્તવૃત્તિને ગમ્યું, તેની પતિવ્રતાવૃત્તિને ન ગમ્યું."[૨૬]

નવીનચંદ્ર જમાલના બળાત્કારથી પોતાને બચાવે છે ત્યારથી અલકકિશોરી તેના પર મોહી પડે છે. પોતાને બચાવતાં એ ઘાયલ થયો તેથી અલકકિશોરી સ્વયં તેની સેવાચાકરી

કરવા લાગે છે. બધે અલકકિશોરી અને સરસ્વતીચંદ્રની વાતો ઊડે છે. કુમુદ આ બધું જાણતી હોય છે પણ એ વિવશ છે. અલકકિશોરી સૂતેલા સરસ્વતીચંદ્ર સમક્ષ કામતપ્ત હૈયે જાય છે એ દિવસે આ વનલીલા એ ઘટના બનવાની છે એની જાણ કુમુદને કરે છે. કુમુદ એને સમજાવે છે કે એવું આપણાથી ન જોવાય. તો ય વનલીલા તો જોવા જાય છે. એ સમયે કુમુદ મનોમન જે વિચારે છે એ પ્રમાદધન સાથે પરણ્યા પછી પણ કુમુદ સરસ્વતીચંદ્રને ભૂલી નથી શકી અથવા એના પ્રત્યે પત્ની/પ્રમિકા જેવો માલિકી ભાવ ધરાવે છે એ બાબત પુરવાર થાય છે. જુઓ : "વનલીલાને કાઢી મૂકી કુમુદસુંદરી પાછી ફરી. આંખમાં આંસુ તો માય નહીં એમ ભરાઈ આવ્યાં – જાણે કે પોતાના જ પતિને પરકીયા સાથે દીઠો હોય – જાણે કે પોતે ખંડિત થઈ હોય ! પલંગ પર પડતું મૂક્યું અને ઊંધે માથે રહી છાનુંમાનું પુષ્કળ રોઈ, કંઈક નવો વિચાર ઊઠતાં ઓચિંતી સફાળી ઊઠી અને આંસુ લોહી નાંખી મેડી વચ્ચે ઊભી.

'અરે, પણ આ શું ? એની ફજેતી હું થવા દઉં ? સરસ્વતીચંદ્ર, તને આ રસ્તે નહીં ચડવા દઉં. હશે, ભૂલ થઈ હશે - પણ તારા પવિત્ર સંસ્કારને જગાડું એટલે તું જાગવાનો જ . આ કુમાર્ગે તું ચડ્યો તો બાપડા જગતની શી વલે થવાની ? બીજા લોકોને તો કાંઈ કહેવાશે જ નહિ. તને આ રસ્તે જોતાં મારું કાળજું કહ્યું કેમ કરે - મારું કાળજું કેમ રહેશે ?...' "[૨૭]

કુમુદ ભલે પ્રમાદધન સાથે પરણી ગઈ હોય પણ એના ચિત્ત-હૃદયમાં હજુ પણ સરસ્વતીચંદ્ર જ વસે છે એ તેના આ સંવાદ પરથી ખ્યાલ આવે છે. સંવાદ પહેલાં લેખક નિર્દેશે છે એ ધ્યાનમાં લેતા પણ કહી શકાય કે પોતાના જ પતિને પરકીયા સાથે દીઠો હોય અને સ્ત્રી જેવી વેદના અનુભવે એવી જ વેદના કુમુદ સરસ્વતીચંદ્ર અને અલકકિશોરીની નિકટતા જાણી અનુભવે છે અને આંસુ સારે છે. કુમુદ શું અને કેવું અનુભવી રહી છે એ લેખક ભાવકને જણાવે છે એના કરતાં એના-કુમુદના વર્તન વ્યવહારથી જ એ રજૂ કર્યું હોત તો કુમુદ વ્યક્તિત્વની એક સઘન મનોવૈજ્ઞાનિક છાપ ઊભી થાત. પણ એ સમયે હજુ ક્યા રચાનારીતિના આધુનિક ઓજારો વિકસ્યા હતા ! એટલે કુમુદના મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વને વિકસાવવા તેમણે નવલકથામાં પ્રત્યક્ષ આવી કુમુદની મનઃસ્થિતિથી ભાવકને વાકેફ કર્યો એ પણ પ્રશંસનીય બાબત જાણવી. આ પછી કુમુદ સારંગી વગાડવા લાગે છે. સારંગીવાદનના સૂરો અને તેની સાથે તે જે ગીત ગાય છે એ સરસ્વતીચંદ્રને પોતાના થઈ રહેલા પતનની જાણ તો કરાવે જ છે સાથોસાથ સરસ્વતીચંદ્ર, કે જેને તે મનોમન ચાહે છે તે સરસ્વતીચંદ્ર બીજી

સ્ત્રીના નૈકટ્યમાં છે એની જાણ થતાં તેણી જે તીવ્ર માનસિક સંત્રાસ અનુભવે છે તેને અત્રે સુંદર અને કલાત્મક રીતે અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. સારંગીવાદન કરતાં કરતાં તે મૂર્છાવસ્થામાં સરી પડે છે એ બાબત તેના ચૈતસિક ત્રસ્તતાની પરિસીમા સૂચવે છે. મનોવિશ્લેષણશાસ્ત્રની પરિભાષામાં કુમુદની આ મૂર્છાવસ્થાને ‘હિસ્ટેરીયા’ કહે છે. સિગ્મંડ ફ્રોઈડની અભિધારણાનુસાર હિસ્ટેરીયા પાછળ મહદંશે કામવૃત્તિને લગતાં પરિબળો જ કારણભૂત હોય છે. તેમની આ અભિધારણાને આધારે કુમુદને આવેલ મૂર્છાનું અર્થઘટન કરીએ તો મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ તે આસ્વાદ્ય મુદ્દો બની રહે છે. કામવૃત્તિ એટલે માત્ર જાતીયતા પૂરતી જ તેની સીમા નથી. વ્યક્તિનો વ્યક્તિ પ્રત્યેનો સ્નેહ એ પણ કામવૃત્તિ જ છે. આમ, કામવૃત્તિને અહીં વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાનો છે. કુમુદ સરસ્વતીચંદ્રને ચાહે છે. એની ઈડગત ઈચ્છા સરસ્વતીચંદ્રને પામવાની છે. પણ સામાજિક અહમ્ (પતિવ્રતાપણાની તેની લાગણી) તેને સરસ્વતીચંદ્ર સમક્ષ જતાં રોકે છે. તેના અહમે તો ઈડ અને અતિઅહમ્ સમાયોજન કરેલું જ છે. પરિણામે જ સામાજિક ધારાધોરણો આડે આવતા તે સરસ્વતીચંદ્રને પામી નથી શકતી છતાં એ તેની નજર સમક્ષ છે એટલું જાણી આનંદમાં રહે છે. પરંતુ આ અલકકિશોરીવાળી વાત તેના કાને પડે છે ત્યારે તેનો પ્રેમ અને એ નિમિત્તે સરસ્વતીચંદ્ર પરનો તેનો માલિકીભાવ જાગ્રત થાય છે અને તેને સારંગીવાદન દ્વારા વ્યક્ત કરે છે. પણ પોતે તો ય સરસ્વતીચંદ્રને રોકી નહિ શકે એવી ચિંતામાં ને ચિંતામાં તે મૂર્છા પામે છે. આમ, આ પણ હિસ્ટેરીયાનો હુમલો જ છે, જેની પાછળ પણ કામવૃત્તિ રહેલી છે.

વાત અહીં અટકતી નથી. સરસ્વતીચંદ્રને પોતાની ભૂલ સમજાય એ માટે તે સતત મથે છે. તે સરસ્વતીચંદ્ર સામે કશું બોલતી નથી પણ ક્રોધ, દયા અને દીનતાભારી નજર તેના પર નાંખે છે, અવકાશ મળ્યે તેને કઠોર કટાક્ષ સંભળાવે છે. કુમુદની આવા વર્તનની સરસ્વતીચંદ્ર પર અરસ પણ થાય છે. સરસ્વતીચંદ્ર ક્યારેક ઘરે પાછા ફરવાનો તો ક્યારેક અન્ય પ્રદેશમાં ચાલ્યા જવાનો વિચાર કરવા લાગે છે અને તેણે નક્કી કરી નાખ્યું જ કે કોઈ પણ રીતે બુદ્ધિધનનું ઘર છોડી જ દેશે.

કુમુદ વનલીલા પાસેથી જાણે છે કે તેણે તે દિવસે અભાનાવસ્થામાં કેવું કેવું વર્તન કર્યું હતું. એ જાણી તે દુઃખી થાય છે. એના દુઃખમાં સામાજિક અહમ્‌ની અથવા તેના પ્રતિવ્રતાપણાની ગહન છાપ વર્તાય છે, જુઓ : “બેભાનપણામાં બકી જવાયેલાં પદ જાગ્રત

અવસ્થામાં વનલીલાની શુદ્ધ સ્મરણશક્તિને બળે કુમુદસુંદરીએ સાંભળ્યાં અને નવીનચંદ્રના અંતઃકરણમાં એથી કેટલું દુઃખ થયું હશે તેનો વિચાર કરી એ પોતાને નિર્દય માનવા લાગી. પરપુરુષ થયેલાની બાબતમાં આટલો મોહ થાય એ તો પતિવ્રતાધર્મથી કેવળ વિરુદ્ધ અને પોતાના મનમાં આટલી નિર્બળતા હોવા છતાં નણંદને ઠપકો દેવો એ કેવળ મૂર્ખતા – એમ વિચારી નવીનચંદ્રને જોઈ થતા વિકારો એકદમ દાબી નાંખવા ઠરાવ કર્યો અને તરત જ તે ઠરાવ પ્રમાણે વર્તવા સમર્થ થઈ. .....સરસ્વતીચંદ્ર મારા મનમાં પણ ન હોત તો આવા સુશીલ પતિને પદ્માનો જોગ જ ન હોત. આમ વિચારી મનના સ્વામીને મનમાંથી દેશનિકાલ કરવા તત્પર થઈ. કઠિન કાર્ય સાધવા સમર્થ થવા પ્રમાદધનના સારા ગુણોનું ચિંતન કરવા લાગી, અને તેના ઉપર અંતઃકરણ ચોંટાડવા મહાભારત પ્રયાસ કરવા માંડ્યો”[૨૮] એકબાજુ તેને એવો વિચાર આવે છે કે તેણી જેને ચાહે છે એ સરસ્વતીચંદ્રને દુઃખ પહોંચાડી પોતે નિર્દયી પુરવાર થઈ. બીજી બાજુ, પરણ્યા પછી પણ પરપુરુષ થઈ ગયેલા સરસ્વતીચંદ્ર પ્રત્યેનો મોહ તેના પતિવ્રતાપણા અને એના સામાજિક મોભાને આઘાત આપે છે. તે લઘુતાગ્રંથિ (Inferiority Complex) અનુભવે છે કે પોતે જ જ્યાં પરણ્યા પછી પરપુરુષને ચાહે છે તો નણંદ અલકકિશોરી વિદુરપ્રસાદને છોડી સરસ્વતીચંદ્ર તરફ મોહાય તો એને શું ઠપકો આપે ! તેના અતિઅહમ્‌થી પ્રેરાઈ તે બળજબરીપૂર્વક સરસ્વતીચંદ્રને પોતાના ચેતોપ્રદેશમાંથી દેશનિકાલ આપવા મથે છે, પણ એ એટલું સરળ હોય ! તે જેમ જેમ સરસ્વતીચંદ્રને વિસરવાનો પ્રયાસ કરે છે તેમ તેમ એની યાદ તેને વધારે સતાવે છે. સરસ્વતીચંદ્ર અને પ્રમાદધનના કમરા આમનેસામને હતા. એક દિવસ કૃષ્ણકલિકા ઉપર જાય છે, ત્યારે કુમુદ સમજે છે કે તે સરસ્વતીચંદ્રના કમરામાં જાય છે. એ સમયે તે ખૂબ અમૂંઝણ અનુભવે છે. પરંતુ હકીકતમાં કૃષ્ણકલિકા પ્રમાદધનના કમરામાંથી નીકળે છે. તે તેને પકડી બીજીવાર ઘરમાં ન પ્રવેશવા કહે છે. પ્રમાદધન અવળે માર્ગે ચડ્યો એમાં એ પોતાનો દોષ જુએ છે. અહીં તેનો અપરાધભાવ (Guilt Complex) પ્રગટ થાય છે.

કુમુદ સરસ્વતીચંદ્રને ભૂલવા ખૂબ પ્રયાસ કરે છે. પ્રકરણ - ૧૯ ‘રાત્રિસંસાર : જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન’ માં તેના આ સંયમની અને તેના વ્યક્તિત્વની પરીક્ષા થાય છે. એ દષ્ટિએ આ પ્રકરણ અને તેમાં નિરૂપાયેલાં કુમુદના ચૈતસિક સંચલનો આ નવલકથાનો પ્રાણ બની રહે છે.

તે પતિ પ્રમાદધનને સ્મરી ગાવા લાગે છે :

"પ્રમાદધન મુજ સ્વામી સાચા !
એ વણ જૂઠું સર્વ બીજું !
પ્રમાદધન મુજ સ્વામી – મારા !
એ વણ ન્યારું સર્વ બીજું !
પ્રમાદધન મુજ સ્વામી વહાલા !
એ વણ અપ્રિય સર્વ બીજું !"[૨૯]

આ પંક્તિઓ ગાતા ગાતા તે જે આંગિક ચેષ્ટાઓ કરે છે. ગીત ગાતા ગાતા પ્રમાદધનની છબિને ચૂમવી, તેને છાતી સરસી ચાપવી વગેરે જેવી આંગિકચેષ્ટઓમાં પ્રમાદધન પ્રત્યેનો તેનો અતિરેકભર્યો અને એથી યાંત્રિક લાગે એવો સ્નેહ અછતો નથી રહેતો. એમાંથી જ સરસ્વતીચંદ્રને ભૂલવાની તેની મથામણ પ્રગટ થાય છે અને એ મથામણ જ સૂચવે છે કે સરસ્વતીચંદ્રને ભૂલવો એ તેના માટે અશક્ય છે. આગળ લેખક પણ એની આ મથામણ વિશે નોંધે છે : "સરસ્વતીચંદ્રને હૃદયમાંથી પતિસ્થાન પરથી ધક્કેલી પાડ્યો અને ત્યાં પ્રમાદધનની સ્થાપના કરી; તોપણ મીંચાયેલી આંખમાં કિરણ રસળે છે, શબ્દ દૂર જતા છતાં કાનમાં ભણકારા વાગે છે, નિદ્રાયમાણ મસ્તિકમાં જાગ્રત સંસાર અસંબદ્ધ સ્વપ્નરૂપે ઘૂમે છે : તેમ પ્રમાદધનમાં સમાધિસ્થ થયેલા ચિત્તમાં સરસ્વતીચંદ્ર સ્ફુરતો હતો. હૃદયસારંગીને ગાન કરાવવામાં ઉભય તાર કારણભૂત થયા."[૩૦]

તે સરસ્વતીચંદ્રને વિસરવાનો જેમ વધારે પ્રયત્ન કરે છે તેમ સરસ્વતીચંદ્ર વધારે ને વધારે તેને યાદ આવે છે. સરસ્વતીચંદ્રે લખેલા પત્રો કાઢી વાચવા લાગે છે અને એમને એમ સરસ્વતીચંદ્રને તે સ્મરવા લાગે છે. જે પથારી પર એની સાથે પ્રમાદધન સહવાસ કરતો એ જ પથારીમાં સરસ્વતીચંદ્ર તેના સ્વપ્નમાં સહચર થઈને આવે છે. નિઃશ્વાસ અને આંસુઓથી તે ઘેરાય જાય છે. સરસ્વતીચંદ્રને સ્મરતા સ્મરતા પોતાનો અપરાધ પૂછે છે "આંખમાં ઝળઝળિયાં આણી બોલી : 'અરેરે સરસ્વતીચંદ્ર ! મેં તમારો શો અપરાધ કર્યો હતો ? દમયંતીની પણ નળે મારા કરતાં સારી અવસ્થા રાખી હતી'.....પતિવ્રતાધર્મ પ્રમાણે આ રોવું અયોગ્ય ગણતી ગણતી પણ રોવું ન ખાળી શકી"

એવામાં નવીનચંદ્ર બુદ્ધિધન સાથે વાતો કરતા કરતા બહાર આવે છે અને પછી છૂટા પડી પોતાની ઓરડીમાં જાય છે. આ જે પ્રસંગ છે તે કુમુદની મનઃસ્થિતિને તાદશ કરી આપે છે, જુઓ : “એવામાં નવીનચંદ્રે મેડીનું બારણું સપટાવ્યું અને સાંકળ દીધી તેનો ખડખડાટ કુમુદસુંદરીના કાનમાં આવ્યો અને એ ચમકી. માનવીની વૃત્તિ અનુકૂળતા ન હોય ત્યાંથી શોધી કાઢે છે તો અનુકૂળતા હોય પોતાની મેળે જ દોડી આવે ત્યાં વૃત્તિ વિચારનું કહ્યું કરે એ મહાભાગ્યની પરિસીમા વિના બનતું નથી. ચમકેલા ચિત્તે-કાને-નેત્ર પર બળાત્કાર કર્યો અને તે બે મેડી વચ્ચેના દ્વાર ભણી વળ્યું તો સાંકળ ન મળે ! કુમુદસુંદરી ! નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર છે એ વિચારે તારું મસ્તિક ભમાવ્યું ? પ્રમાદધન અને કૃષ્ણકલિકાવાળા આજના જ બનાવે તારું પતિવ્રત શિથિલ કર્યું. ? એકાંત, અનુકૂળતા અને વૃત્તિ, ત્રણેનો સંગમ થયો ? ‘મારા જેવી સામાની વૃત્તિ નહીં હોય તો ?’ આ ભીતિ ઘણાંક વિષયાંધને સદ્‌ગુણસાધક થઈ પડે છે. મુગ્ધા તારામાં એ ભીતિ હતી ? જો મારા પર હજી પ્રીતિ ન હોય તો સરસ્વતીચંદ્ર ઘરબાર છોડી અત્રે આમ શું કરવા આવે ? એ વિચારે તારા મનની ભીતિ દૂર ન કરી ? પરવૃત્તિ પોતાની વૃત્તિનો પ્રતિધ્વનિ કરે છે તે ભાનથી જ એકદમ મન્મથ નિરંકુશ બની તનમનાટ નથી મચાવી મૂકતો ? ભૂત અને વર્તમાન પતિને સરખાવતાં ભૂતકાળનો પતિ શું અત્યંત મોહક ન લાગ્યો ? તેની સાથે થયેલા પૂર્વ પ્રસંગે શું હૃદયને મૂર્છા ન પમાડ્યું ?”[૩૧]

આમ, વૃત્તિ, એકાંત અને અનુકૂળતાનો યોગ થતાં કુમુદના ચિત્તમાં જે વિચારો જે વૃત્તિઓ કૂદાકૂદ કરે છે તેનું મનોચિત્ર અહીં સર્જકે આપ્યું છે. હવે સરસ્વતીચંદ્ર અને પોતા વચ્ચે મેડીનો દરવાજો છે. જેની સાંકળ પણ ખૂલી છે. અનેક મનોમંથનો પછી કુમુદ એ દરવાજો પાર કરે છે. ત્યાં સરસ્વતીચંદ્રના કમરાનો દરવાજો આવે છે. પણ સાંકળ ખોલવાને બદલે તે ત્યાં સ્તંભ બની જાય છે. કોઈક એને અટકાવી રહ્યાની અનુભૂતિ થાય છે. તે મનોમન વિચારવા લાગે છે “કુમુદસુંદરી ! શું તું અનાથ છે ? શું તારી વિશુદ્ધિનું આવી ચૂક્યું ? શું બહારના ભયથી મુક્ત થઈ - એકાંત પ્રમાદધનશૂન્ય મેડીમાં-સૂવા વારો આવ્યો એટલે તારી વિશુદ્ધિ ચળી ? શું તારી વિશુદ્ધિનો અવકાશ પ્રસંગની ન્યૂનતાને લીધે જ આજ સુધી હતો ?”[૩૨]

એ સમયે તે સાહસ કરીને દરવાજાની કડી ખોલવા જાય છે. હાથ દ્વારને અડકતાં જ કુમુદ ભડકે છે એકદમ તે હાથ પાછો ખેંચી લે છે. તે ત્યાં જ ખોડાઈ જાય છે. કોઈક તેને

અટકાવી રહ્યું હોઈ એવી અનુભૂતિ તેને થઈ આવે છે. તેને તેની મા ગુણસુંદરી આવું કરતા અટકાવતી લાગે છે. એ સાથે જ પવિત્રતાના વિચાર કુમુદસુંદરીના ચિત્તમાં ઊભરાવા લાગે છે. " 'ઓ મા ! ઓ મા !' કરતી કરતી શુદ્ધ પવિત્ર બનતી બનતી કુમુદસુંદરી અશ્રુસ્નાનથી સંસ્કારી થઈ. રોવું છોડી ગંભીર થઈ અને સ્વાધીન દશા પામી"'[33]

મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ કુમુદની આ મનઃસ્થિતિ ખૂબ જ નોંધપાત્ર અને આસ્વાદ્ય છે. કુમુદ સરસ્વતીચંદ્રના રૂમનો દરવાજો ઉઘાડવા જાય છે ને એકદમ રોકાઈ જાય છે. તેને પોતાની મા ગુણસુંદરી સાંભળી આવે છે. આ ગુણસુંદરીનું અચાનક યાદ આવવું એ તેના સામાજિક અહમ્‌નું સૂચન કરે છે. કુમુદની ઇડગત ઇચ્છાથી તો આપણે સૌ વિદિત છીએ. તે સમય, સ્થળની અનુકૂળતા પ્રાપ્ત થતા પોતાના પ્રિયતમને મળવા ચાહે છે. તેના ઇડની એ ઇચ્છા છે. પણ બીજી બાજુ પોતાના પતિવ્રાત્યનું શું ? માતા-પિતાએ તેનામાં સીંચેલા સંસ્કારોનું શું ? એ જ્યારે સરસ્વતીચંદ્રના દ્વારને અડકે છે ત્યારે તેના ચેતન માનસ પર તેનું અચેતન માનસ અને ઇડગત ઇચ્છાઓ હાવી હતી. પણ ઇડ (Id) ની આ ઇચ્છાપૂર્તિ (Wish fulfillment) માં સામાજિક અહમ્‌નું અહિત હતું. તે સફાળો બેઠો થાય છે. અને કુમુદ સમક્ષ માતા ગુણસુંદરી અને સંસ્કરોરૂપે પ્રગટ થાય છે. ચેતનસ્તરે સામજિક અહમ્ (Super Ego) નો અચાનક હુમલો તેને ત્યાં જ સ્તબ્ધ કરી દે છે. સામાજિક અહમ્ (Super Ego) તેના વિચારો પર સંસ્કારોનો મારો ચલાવે છે. કુમુદસુંદરી ઈશ્વરના ગુણગાન ગાતી ગાતી પોતાની વિશુદ્ધિ જળવાઈ રહી અને પોતે ઉગરી ગઈ એવી લાગણી અનુભવે છે. ઇડની અપેક્ષાઓ અને સામાજિક અહમ્ વચ્ચે તીવ્ર સંઘર્ષ થાય છે. અહમ્ (Ego)આ બંનેના સંઘર્ષ વચ્ચે મધ્યસ્થી તરીકે આવે છે. અહમ્ નવો માર્ગ કાઢે છે. તે કુમુદને પ્રણયભાવ સાથે સરસ્વતીચંદ્ર પાસે જતાં અટકાવે છે, જેથી સામાજિક અહમ્‌ને ઠેસ ન પહોંચે. સરસ્વતીચંદ્રને સ્વગૃહ મુંબઈ અથવા પોતાના પિતા પાસે રત્નનગરી જતો રહે એ બાબતે એક પત્ર કુમુદસુંદરી લખે છે. એ પત્ર આપવાના બહાને તે સરસ્વતીચંદ્રના એકાંતનો લાભ લઈ શકશે અને એમ તેની ઇડગત ઇચ્છા સંતોષાશે તો બીજી બાજુ એ પત્ર દ્વારા સરસ્વતીચંદ્રને તે સદ્‌માર્ગે વાળવા ચાહે છે એવી અનુભૂતિથી તેનો સામજિક અહમ્ સંતોષ પામશે. પહેલાં જ્યારે પ્રીતિભાવથી પ્રેરાઈ તે સરસ્વતીચંદ્ર પાસે જાય છે ત્યારે તે દરવાજો ખોલતાં જે ખચકાટ અનુભવે છે એવો ખચકાટ અનુભવ્યા વિના તે દરવાજો ખોલે છે. કારણ

કે હવે નિષિદ્ધ એવી ઇડગત ઇચ્છાઓ નહિ, પણ સદ્કર્મ કરવા જઈ રહી છું એવી નીતિભાવના તેના પર હાવી છે. એટલે તે નિઃસંકોચ સરસ્વતીચંદ્રના કમરામાં પ્રવેશે છે.

સરસ્વતીચંદ્રના કમરામાં ગયેલી કુમુદ સૂતેલા સરસ્વતીચંદ્રના હાથમાં એક પત્ર જુએ છે. એ પત્ર તે વાંચે છે. એ પત્રમાં એક કવિતા લખેલી હતી જેમાં સરસ્વતીચંદ્રની ગૃહત્યાગ અને કુમુદત્યાગની વેદના વર્ણવાયેલી હતી. પત્ર વાંચતા વાંચતા જ તેની આંખમાંથી અશ્રુ વહેવા લાગે છે. કારણ કે સરસ્વતીચંદ્રના હૃદયમાં હજુ તે વસે છે એની પ્રતીતિ પેલો પત્ર કરાવે છે. સરસ્વતીચંદ્ર સમાજ કલ્યાણાર્થે કટિબદ્ધ છે. એથી જ તેણે સંન્યાસ લીધો છે. પણ તેના એ સત્કાર્યમાં પોતે અને પોતા સાથેનો તેનો હૃદયસંબંધ અવરોધ ઊભો કરે છે એવી તેની સમજથી તે ખૂબ દુ:ખી થાય છે. પોતાને લીધે જ સરસ્વતીચંદ્ર પીડાય છે એ જાણી તે મૂર્છા પામે છે અને ઢળી પડે છે. તેની આ મૂર્છાવસ્થા પણ અકારણ નથી. તેની પાછળ પણ મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ ચૈતસિક સંઘર્ષની એ ઘડીઓમાં મૂર્છા એ જ યોગ્ય માર્ગ હતો. તેણે માંડ માંડ મહાપ્રયત્ને ઇડગત ઇચ્છાઓને દાબી હતી. એવા સમયે એને ખ્યાલ આવે છે કે સરસ્વતીચંદ્ર હજુ પણ તેને ખૂબ ચાહે છે. તો પેલી દમિત કામેચ્છાઓને જાગ્રત થવાનો પૂરતો અવકાશ મળી રહે છે, પણ તો શું તેનો સામાજિક અહમ્ ચૂપ રહે ? આ બધું જોઈ રહે ? એ પણ ત્રાટકે છે. અંતર્મન/અચેતનમાં ચાલતો ઇડ અને સામજિક અહમ્‌નો આ સંઘર્ષ તેના ચેતનસ્તરને જબ્બર આઘાત આપે છે. ચેતન માનસ આ સંઘર્ષ ન ખમી શકતા મૂર્છાવસ્થાને પામે છે. સરસ્વતીચંદ્રના આ 'રાત્રિસંસાર' નામના પ્રકરણનું માહત્મ્ય સમજાવતાં ઉશનસ્ નોંધે છે : "એકંદરે પ્રથમ ભાગના લગભગ અંતે આવતા આ પ્રકરણમાં આ કામરાત્રિનું આપણી ભાષામાં બીજીવાર ન થયું હોય તેવી કલામય સર્ગશક્તિથી નિર્માણ કર્યું છે. મેડી, સાંકળ, દીવો, છાયાની ન્હાની ન્હાની સામગ્રીને સર્જનાત્મક રીતે કામે લગાડી છે તે તો હવે જોઈ શકાયું હશે. કુમુદ જેવી નૂતન સતીને સ્ખલનક્ષણ સુધી લઈ જવામાં ઉદ્દીપનોનો ઉપક્રમ પણ પ્રતીતિજનક છે. ને સ્ખલનમાંથી બચાવી લેતી સામગ્રી-પ્રક્રિયા પણ એટલી જ પ્રતીતિજનક ને આસ્વાદ્ય છે. આ બધું તેમણે વલોપાતવાળા કુમુદના કામ વિજય આખ્યાનને મહાકાવ્યના એક બીજી રાત્રિ સર્ગરૂપે ઊંચે આસને સ્થાપ્યું છે તેવું ત્યાર પછી ગુજરાતી ભાષામાં આ શક્તિથી ઝાઝીવાર સિદ્ધ થયું નથી."[૩૪]

રત્નનગરી જઈ રહેલી કુમુદ બહારવટિયાઓથી દાદાના બળ-બુદ્ધિએ બચે છે, પણ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું. તે નદીમાં તણાય છે અને સુભદ્રાના કિનારે ચંદ્રાવલીમૈયા પાસે પહોંચે છે. ફરી ત્યાં તેને સાધુરૂપે સરસ્વતીચંદ્રનો ભેટો થાય છે. 'તારામૈત્રક' નામના પ્રકરણમાં કુમુદની સરસ્વતીચંદ્ર પર મંડાયેલી આંખો જોઈ બધી સાધ્વીઓ તેના હૃદયમનની વાણી સમજી જાય છે. ચંદ્રાવલીમૈયાના માર્ગદર્શન હેઠળ ચિરંજીવશૃંગની ગુફામાં સરસ્વતીચંદ્ર-કુમુદનો યોગ રચાય છે. અહીં બંને પોતા-પોતાના હૃદયની વાત મુક્તતાપૂર્વક મન ખોલીને કરે છે અને એમ બંનેના 'હૃદયના ભેદનું ભાંગવું' શક્ય બને છે. પણ હજુ સામાજિક દષ્ટિએ કુમુદ-સરસ્વતીચંદ્રનો યોગ શક્ય નહોતો. કુમુદ સરસ્વતીચંદ્રને સમજાવે છે અને કુસુમ સાથે તેને પરણાવે છે. ત્રણે મળી લોકહિતાર્થે સત્કર્મમાં જોડાય છે. આમ, કુમુદનું ચરિત્રચિત્રણ સામન્યમાંથી ઊર્ધ્વગામી વિકાસ સાધતું જણાય છે.

## ૨.૪.૩. : બુદ્ધિધન : અહમાઘાતથી થતા વ્યક્તિત્વ વિકાસનો દાખલો :

બુદ્ધિધન સુવર્ણપુરનો કારભારી છે. નાયક સરસ્વતીચંદ્રનો તે આશ્રયદાતા અને નાયિકા કુમુદસુંદરીનો તે શ્વસુર છે. બુદ્ધિધન ખૂબ જ ઉત્સાહી, મુત્સદ્દી અને ચતુર છે. નવલકથાના પહેલાં ભાગમાં તેનું વ્યક્તિત્વ સર્વત્ર છવાયેલું છે. કહો કે પહેલાં ભાગનો નાયક જ એ છે. બુદ્ધિધનનો પરિવાર પેઢી દર પઢી કારભાર સાથે જોડાયેલો છે. તેના પૂર્વજોનું કારભારી તરીકે ખૂબ માન હતું, પરંતુ પછી રાજખટપટો વધતાં એક સમય એવો આવે છે કે તેમનું કારભારીપણું બિલકુલ જતું રહે છે. બુદ્ધિધનના પિતા બિલકુલ લાચાર થઈ જાય છે. એમાંય પિતાનું અવસાન થતાં બુદ્ધિધનને કારભારી પરિવાર તરીકે જે વર્ષાસન મળતું એ પણ બંધ થઈ જાય છે. એકદમ કંગાળ અવસ્થામાં આ પરિવાર મૂકાઈ જાય છે. બુદ્ધિધન ભયંકર બીમારીમાં સપડાય છે. મા અને સૌભાગ્યદેવી તેની ખૂબ સેવા કરે છે, પણ આર્થિક તંગી તેઓને બેહાલ કરી દે છે. એક દિવસ બુદ્ધિધનની મા શઠરાય પાસે મદદ માંગવા જાય છે. ત્યાં એને મદદ તો નથી મળતી પણ અપમાન ખૂબ મળે છે. પોતાની વહુ સૌભાગ્યદેવી પર એ લોકોની કુદષ્ટિ છે એવું જાણી બુદ્ધિધનની મા ખૂબ દુઃખી થાય છે અને રડે છે. બિમાર બુદ્ધિધન આ વાત જાણી જાય છે તે બિમારાવસ્થામાં જ મનોમન સંકલ્પ કરે છે કે કોઈ પણ રીતે તે માના અપમાનનો બદલો લેશે. તેનો આ સંકલ્પ તેના મનોબળને

મજબૂત કરે છે. તેણે રાજકીય ક્ષેત્રે જે વિકાસ કર્યો છે તેમાં તેના ઘવાયેલા અહમ્‌ની અહેમ ભૂમિકા છે. અહમ્ ઘવાયાના આઘાતમાં ને આઘાતમાં તે સંઘર્ષ કરતા કરતા વિકાસ સાધે છે.

લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિની દષ્ટિએ પણ તેના પાત્રને જોવા જેવું છે. આર્થિક મંદીની અવસ્થામાં તે ખૂબ ઓશિયાળો રહેતો. એમાંય પોતે બિમાર પડે છે ત્યારે મા અને પત્નીને ઓશિયાળા જોઈ તે ખૂબ પીડાય છે. ઓશિયાળાપણાંના આ ભાવમાંથી જ તેની લઘુતાગ્રંથિ (Inferiority Complex) વિકસે છે. તેની લઘુતાગ્રંથિ વિશે ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા નોંધે છે : "રંક અવસ્થામાં લુચ્ચા કારભારી શઠરાયે 'અનાથ અને કુલીન' એવી પોતાની માતાને જે રીતે તરછોડ છે, એનાથી એનું અહં (Ego) ઘવાયેલ છે. લઘુતાનો ભાવ (Sense of Inferiority) પછીથી એ ઊણપની પૂર્તિ કરવા મથે છે અને છંછેડાયેલું (Perturbed ego) પણ પછીથી સંબંધોમાં સંઘર્ષ ઊભો કરે છે, તે મનોવૈજ્ઞાનિક તથ્ય છે. 'મારા કુટુંબને આવી રંક અવસ્થામાં જે અપમાન પહોંચાડ્યું છે તેનું બુદ્ધિધન વેર લેશે.' – આ શબ્દો ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે. આ કોઈ સબળ કે સમોવડિયાનું તેજોદ્વેષથી લેવાયેલું વેર નથી. એના પ્રતિહિંસા (revenge) ના નિર્ણય પાછળ પેલી હીણપતભરી અવસ્થાની અનુભૂતિ છે."[૩૫] તે પોતાની જાતને લાચાર સમજવા લાગે છે. પણ લઘુતાગ્રંથિ (Inferiority Complex) જ જ્યારે ગુરુતાગ્રંથિ (Superiority Complex) ની પ્રેરક બને છે ત્યારે વ્યક્તિ અણધાર્યો વિકાસ સાધે છે. અહીં પણ એવું જ થાય છે. માતાનું અપમાન થાય છે એ જાણી બુદ્ધિધનની ગુરુતાગ્રંથિ સક્રિય થાય છે. કોઈ પણ રીતે કોઈ મોટું પદ મેળવી પોતે આ અપમાનનો બદલો લેશે એવો તે મનોમન નિર્ધાર કરે છે. એ ગુરુતાગ્રંથિના પ્રતાપે જ તે કારભારીનું પદ પ્રાપ્ત કરે છે. પોતાની માનું અપમાન કરનાર શઠરાયને સબક શીખવાડે છે.

ગુરુતાગ્રંથિને કારણે તેનામાં પ્રતિષ્ઠા અને સામાજિક માનમોભાનો મોહ જાગે છે. એ માનમોભાના મોહમાં ને મોહમાં તે પરિવાર પર ધ્યાન નથી આપી શકતો. અલકકિશોરીના વ્યક્તિત્વ વિકાસ બાબતે તે બિલકુલ અજાણ છે. અલકકિશોરી અને વિદુરપ્રસાદ એ બંને પતિ-પત્ની વચ્ચે જે માનસિક જુદાંપણું છે એ એક દીકરીના બાપ તરીકે તે નથી પારખી શકતો કે નથી તેનો ઉપચાર કરી શકતો. રાજખટપટમાં ને રાજખટપટમાં તે પુત્ર પ્રમાદધનને

યોગ્ય કેળવણી આપવાનું ભૂલી જાય છે. પુત્ર ગેરમાર્ગે દોરવાય છે એનું પણ એને ભાન નથી. આ તો કુમુદ-પ્રમાદધનનો કલહ થાય છે ત્યારે તેની આંખ ઊઘડે છે. ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. છતાં તે પ્રમાદધનને સજા કરવા તો કટિબદ્ધ થાય જ છે. આમ, એક બાજુ જોઈએ તો લઘુતાગ્રંથિમાં તે જે નાનપ અનુભવતો એને દૂર કરવા મહત્ત્વાકાંક્ષી બને છે. પણ એ જ મહત્ત્વાકાંક્ષા તેને ફરી એ ને એ દશામાં લાવી દે છે.

## ૨.૪.૪. : અન્ય પાત્રો - એક મનોવિશ્લેષણાત્મક દષ્ટિપાત :

નવલકથામાં ગુણસંદરીનું ચરિત્રચિત્રણ પણ ખૂબ વિસ્તારથી થયું છે. ગોવર્ધનરામે કરેલું તેનું ચરિત્રચિત્રણ એક આદર્શ ગૃહિણી તરીકેનું છે. લેખકે તેના વ્યક્તિત્વમાં ઉચ્ચાદર્શોના રંગો પૂર્યા છે. આમ કરવા જતાં એ પાત્રનો જે સાહજિક વિકાસ થવો-લાગવો જોઈએ એના બદલે તેમાં લેખકની દરમ્યાનગીરી વર્તાય છે. ગુણસુંદરીને સામાજિક જવાબદારીઓમાં એટલી વ્યસ્ત દર્શાવાઈ છે કે તેના અંગત/વૈયક્તિક જીવનને તો એકાદ અપવાદ બાદ કરતાં ક્યાંય અભિવ્યક્તિનો અવકાશ જ નથી મળતો. પતિ વિદ્યાચતુર સાથે તે જે ગોષ્ઠિ કરે છે તેમાં તેનું વૈયક્તિક જીવન થોડું અભિવ્યક્તિ પામે છે. જો કે લેખકના લેખનાદર્શને પણ ધ્યાનમાં રાખવો ઘટે. એમનું ધ્યેય તો સંયુક્ત કુટુંબની સમસ્યાઓને ગુણસુંદરીના પાત્ર દ્વારા અભિવ્યક્તિ આપવાનું હતું.

માનચતુર વિદ્યાચતુરના પિતા છે. તેઓ વડીલ છે પણ જુનવાણી નથી. તેઓ ગુણસુંદરીની પીડાઓને બરાબર સમજે છે. સંયુક્ત કુટુંબમાં તેનું વ્યક્તિગત જીવન કેવું રૂંધાઈ રહ્યું છે એ તેઓ બરાબર સમજે છે. એટલે જ તેઓ આ સમસ્યાનું અને ગુણસુંદરીના દુઃખોનું સમાધાન લાવવા કટિબદ્ધ થાય છે. તેઓ બહાદુર પણ છે. એમના જ બુદ્ધિ-બળથી કુમુદ બહારવટિયાઓથી બચે છે. તેમની દષ્ટિએ સમાજ નહિ પણ વ્યક્તિ મહત્ત્વનો છે. એટલે જ તેઓ જ્યારે જાણે છે કે સરસ્વતીચંદ્ર અને કુમુદ સુંદરગિરિ પર સાથે છે. ત્યારે તેઓ મનોમન રાજી થાય છે અને વિધવા પૌત્રી સમાજથી દૂર રહી સરસ્વતીચંદ્ર સાથે મંગળ જીવન વિતાવે એવી મરજી અને કામના વ્યક્ત કરે છે.

આ સિવાય વિદ્યાચતુર, અલકકિશોરી, સૌભાગ્યદેવી, પ્રમાદધન, કુસુમ, મણિરાજ વગેરે નવલકથાના મહત્ત્વના પાત્રો છે, પણ આ પાત્રોના વ્યક્તિત્વ વિકાસમાં જે

મનોવૈજ્ઞાનિક તથ્યો ગૂંથાયા છે એટલા અન્ય પાત્રોમાં નથી ગૂંથાયા એમ તો નહિ પણ તેના પર ઓછો ભાર અપાયો છે અને તેમના બાહ્ય વ્યક્તિત્વ પર વિશેષ ભાર અપાયો છે.

## ૨.૫. : 'સરસ્વતીચંદ્ર'માં પ્રયોજાયેલ કથનકેન્દ્ર અને વિવિધ રચનાપ્રયુક્તિઓ :

'સરસ્વતીચંદ્ર' સર્વજ્ઞ કથનકેન્દ્રથી લખાયેલી નવલકથા છે. એમાં પણ તેમણે કથનાત્મક અને વર્ણનાત્મક રચનારીતિથી કથાલેખન કર્યું છે. ભૂતકાળની વાત (બુદ્ધિધનના ભૂતકાલીન જીવનની કથા અથવા સરસ્વતીચંદ્રનું સુવર્ણપુરમાં આગમન થાય એ પૂર્વેનું તેના મુંબઈસ્થિત જીવન અને ગૃહત્યાગના બનાવની કથા) કથનાત્મક રીતિએ ચાલે છે. જ્યારે વર્તમાન ઘટનાઓ કે કથા વર્ણનાત્મક રીતિએ નિરૂપાય છે. જો કે ક્યારેક કથનાત્મક રીતિ સાથે વર્ણનાત્મક અને વર્ણનાત્મક રીતિની સાથે કથનાત્મક રીતિ ભળી જતી હોય એવું પણ અનુભવાય છે. એટલે આ ઉભય કથનરીતિઓનું મિશ્રણ અહીં જોવા મળે છે.

સર્જકે આ નવલકથામાં ફ્લેશબેક, પત્ર અને સ્વપ્ન જેવી રચનાપ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. પાત્રોના ભૂતકાલીન જીવનનો પરિચય આપવા તેમણે ફ્લેશબેક રચનાપ્રયુક્તિનો વિનિયગો કર્યો છે. ફ્લેશબેક રચનાપ્રયુક્તિનો સુંદર અને કલાત્મક વિનિયોગ નવલકથાના 'રસ્તામાં' શીર્ષકસ્થ, પ્રથમ ભાગના પ્રકરણ : ૧૩ માં થયેલો જોવા મળે છે. જુઓ : "અમાત્યને ઘેર અને દરબારમાં ઘણુંક નવું જોયું, નવું શિખાયું. હા, એ બધું ખરું. પણ હાલ તો થાકેલા મન આગળથી એ ઉત્સાહ - એ જોયાશીખ્યાનો સંતોષ – સર્વ પરોક્ષ થયું. સેંકડો ગાઉ ઉપરનું ઘર - તેમાં અત્યારે શું શું થતું હશે તેના વિચાર – માતાપિતા મિત્રમંડળ અને એવા એવા સંસ્કારો મનમાં સ્ફુરવા લાગ્યા અને સુવર્ણપુરના ઊંચા રસ્તા ઉપરથી ભદ્રા અને સમુદ્રના સંગમનું સ્થાન દેખાતું હતું ત્યાં દૃષ્ટિ પડતાં ઘડીક નાવમાં બેસી ઘેર જવાની વૃત્તિ થઈ - ઘડીક ઘરમાં જ ઊભો હોય તેમ અનુભવવા માંડ્યું. રસ્તા ઉપર બીજું કોઈ આવે છે કે નહીં, કેણી પાસ જવાનું છે, એવું એવું એ કાંઈ જોતો ન હતો. 'એની આંખ એના હૃદયમાં હતી - અને એ હૃદય ઘણે ઘણે છેટે હતું.' તે એના ઘરમાં હતું. સુવર્ણપુરનું કોઈ પણ પ્રાણી- કંઈ પદાર્થ તેના મનમાં વસતો ન હતો. ઘરમાં હૃદય અને હૃદયમાં ઘર એમ હતું."[૩૬]

અહીં આપણે જોઈ શકીએ છીએ કે સરસ્વતીચદ્ર રસ્તામાં ચાલ્યો જાય છે ને મનોમન વિચાર કરતાં કરતાં તે કેવી રીતે પોતાના ભૂતકાલીન સ્મરણોને વાગોળે છે. ફ્લેશબેક રચનાપ્રયુક્તિ દ્વારા સર્જક કેવી રીતે ધીમે ધીમે કરી વર્તમાનમાંથી સરી જાય છે અથવા વર્તમાનમાં તનો ભૂતકાળ કેવી રીતે ઝબકી જાય છે એનું સુંદર નિદર્શન અહીં મળે છે. બીજું ફ્લેશબેક પ્રયુક્તિ દ્વારા વ્યક્તિચેતનાની સંવેદના અને તેનું સમગ્ર સંવેદનતંત્ર કેવું સુંદર કલારૂપ પામે છે એ પણ અહીં જોઈ શકાય છે. સરસ્વતીચંદ્રના ચૈતસિક સંચલનો સર્જકે તાદશ કરી આપ્યાં છે. આ પ્રસંગમાં પ્રયોજાયેલી ફ્લેશબેક રચનાપ્રયુક્તિનું પ્રયોજન અને સાર્થકતા અંગે વાત કરતા ડૉ. ધીરેન્દ્ર મહેતા નોંધે છે : “સ્મૃતિમાં સળંગસૂત્રતા કંઇ હંમેશાં જળવાતી હોતી નથી. અહીં પણ કુમુદનું સ્મરણ, અમાત્યને ઘેર બનેલા બનાવો બધું સેળભેળ છે અને આ બધું સરસ્વતીચંદ્રની મનોદશા સાથે સંકળાયેલું છે. કથારસ જમાવવા માટે આ ઘટનાઓ વિશે વાચકનું કુતૂહલ ઉત્તેજવાનો ઈરાદો પણ આની પાછળ કળી શકાય એમ છે.”[૩૭]

સરસ્વતીચંદ્રમાં નિરૂપાયેલી બીજી જે રચનાપ્રયુક્તિ છે તે સ્વપ્ન. ત્રીજા ભાગમાં આ પ્રયુક્તિનો થોડો વિનિયોગ થયો છે, ચોથા ભાગમાં તો આ પ્રયુક્તિ તરત ધ્યાન ખેંચે એટલી બળકટ રીતે નિરૂપણ પામી છે. ત્રીજા ભાગમાં દર્શાવેલ પ્રસંગોનુસાર સરસ્વતીચંદ્ર-કુમુદ-ચંદ્રકાન્ત ખરેખર વાસ્તવમાં વિખૂટાં છે, પણ ચૈતસિકસ્તરે સ્વપ્ન દ્વારા તેમની સહયાત્રા નિરૂપાઈ છે. ભાગ ચારમાં સરસ્વતીચંદ્ર અને કુમુદ ફરી મળે છે. પ્રમાદધનનું મૃત્યુ થયું હોવાથી કુમુદ વિધવા છે. સરસ્વતીચંદ્ર પણ સાધુઓ સાથે નિવાસ કરે છે. ચંદ્રાવલીમૈયા અને વિષ્ણુદાસ બાવાનાના સદ્‌વિચારે એ બંને સામે લગ્નનો પ્રસ્તાવ મૂકવામાં આવે છે. પણ લગ્ન કરવા કે નહીં એ અંગે સરસ્વતીચંદ્ર-કુમુદ અમૂંઝણ અનુભવે છે જેના નિરાકરણ માટે ‘સિદ્ધિલોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ અથવા શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન’ નામના પ્રકરણમાં સ્વપ્નપ્રયુક્તિ દ્વારા આ બંને પાત્રો સહસ્વપ્ન જોઈ પિતૃઓની સમ્મતિ મેળવે છે. તેમના આ સ્વપ્નમાં શ્વાન, નાગ વગેરે જેવા પ્રતીકો કળાત્મક નિરૂપણ પામ્યા છે. તો આ સ્વપ્નોમાં મહાભારતના પૌરાણિક પાત્રોની સૃષ્ટિ નિરૂપી સર્જકે ભારતવર્ષના ભાવિનું નિદાન પણ કર્યું છે.

આ નવલકથામાં સ્વગતોક્તિની રચનાપ્રયુક્તિનો પણ વિનિયોગ થયો છે. સરસ્વતીચંદ્ર, ચંદ્રકાન્ત, કુમુદાદિની સ્વગતોક્તિ દ્વારા એ પાત્રોનું મનોમંથન, મંતવ્ય અને અન્ય પાત્રોની ક્રિયાઓ વિશેની તેની પ્રતિક્રિયાઓ નિરૂપણ પામે છે. જો કે નવલકથામાં પ્રયોજાયેલી આ સ્વગતોક્તિઓ મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણથી પ્રયોજવાનો હેતુ ન હોવાથી પાત્રના ચૈતસિક સંચલનોનો ખ્યાલ આવે છે પણ આ સંચલનો પાત્રના ચેતનસ્તરના જ છે.

પ્રસ્તુત નવલકથામાં પત્રશૈલીનો પણ વિનિયોગ થયો છે. સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે ત્યારે કુમુદ સાથેની સગાઈ તોડે છે અને એને બીજે પરણી જવાનું પત્ર દ્વારા જણાવે છે. કુમુદ પ્રમાદધન સાથે પરણી ગઈ છે તો ય સરસ્વતીચંદ્રના પત્રો તે પોતાની પાસે સાચવી રાખે છે. ભાગ ચારમાં પત્ર પ્રયુક્તિનો ખૂબ પ્રયોગ થયો છે. ચંદ્રકાન્ત પર અલગ અલગ લોકોએ લખેલા અનેક પત્રોનો સંપુટ સરસ્વતીચંદ્રને હાથ લાગે છે. એ પત્રો પર ચંદ્રકાન્તે પોતાના મંતવ્યોનું ટાંચળ પણ કરેલ છે. આ પત્રો સરસ્વતીચંદ્ર વાચે છે અને એ વાચતાં વાચતાં એકોક્તિ રૂપે સરસ્વતીચંદ્ર પોતાના પ્રતિભાવો કે પોતાની પ્રતિક્રિયાઓ વ્યક્ત કરે છે.

સમગ્રતયા જોતાં નવલકથાકારે આ નવલકથામાં વિવિધ રચનાપ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. વળી, તેમણે એ તમામ રચનાપ્રયુક્તિઓ કે નિરૂપણરીતિઓનો ક્યાસ કાઢવા સામર્થ્યપૂર્વક પ્રયાસ કર્યો છે. અહીં પ્રયોજાયેલી વિવિધ રચનાપ્રયુક્તિઓને અનુલક્ષી ડૉ. ધીરેન્દ્ર મહેતાએ કરેલ એક નિરીક્ષણ જોઈએ :

" 'સરસ્વતીચંદ્ર' બહુમુખી અને બહુકેન્દ્રી મહાકથા છે. એનો હેતુ વ્યાપક છે. ફલક વિશાળ છે. એમાં અનેક કથાનકો –ઉપકથાનકોની યોજના છે. પાત્રોની સંખ્યા વિપુલ છે. આથી તેને માટે એવી નિરૂપણરીતિ જ અનુકૂળ નીવડે જે તેના પ્રયોજકોને સર્વજ્ઞ હોવાનો અવકાશ કરી આપે. 'સરસ્વતીચંદ્ર' માં પ્રયુક્ત મુખ્ય નિરૂપણરીતિ આ પ્રકારની છે, એટલે તો એમાં જુદાં જુદાં સ્થળે અને સમયે જુદાં જુદાં પાત્રોના સંદર્ભમાં બનતી ઘટનાઓને ઝીણવટ અને ઊંડાળથી નિરૂપવાનું શક્ય બન્યું છે, મુખ્ય ગૌણ પાત્રોનાં માનસિક અને વૈચારિક મંથનો અને સંચલનોનો તાગ લઈ શકાયો છે. "[૩૮]

## ૨.૬. : ઉપસંહાર :

'સરસ્વતીચંદ્ર' એ ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ નવલકથા છે એ તો સર્વવિદિત છે, પણ તેની આ શ્રેષ્ઠતા સાહિત્યવિવેચનના નાનાવિધ અભિગમો દ્વારા થતી તેની પ્રત્યક્ષવિવેચનાને ઝીલવાના સામર્થ્યમાં રહેલી છે. કોઈ પણ દષ્ટિકોણ કે વિચારધારા સાથે આ નવલકથાનો અભ્યાસ કરનારને તે નિરાશ નથી કરતી.

આમ, સરસ્વતીચંદ્ર નવલકથાનું મનોવિશ્લેષણાત્મક અભિગમથી અધ્યયન કરતાં સ્પષ્ટપણે કહી શકાય કે તેના પર મનોવૈજ્ઞાનિક તત્ત્વોની સીધી-પ્રત્યક્ષ અસર નથી વર્તાતી. હા, ગોવર્ધનરામે મનોવૈજ્ઞાનિક અભિગમવાળી સાહિત્યકૃતિઓનું અધ્યયન કર્યું હોય અને એનાથી પ્રભાવિત થઈ પોતાની આગવી રચનાશૈલી વિકસાવી હોય એ શક્ય છે. છતાં એક વાત તો કહેવી જ રહી ભલે નવલકથાનું કથાવસ્તુ કે તેની સમગ્ર સંરચના સીધેસીધા મનોવૈજ્ઞાનિક તત્ત્વોથી પ્રભાવિત ન હોય, છતાં એમાં મનોવૈજ્ઞાનિક તત્ત્વો અજાણતાં પણ અનુસ્યૂત થવા પામ્યા છે એ ન ભૂલવું જોઈએ.

હજુ તો, પશ્ચિમમાં મનોવિશ્લેષણશાસ્ત્રનો પાયો નંખાય છે એ સમયે આપણે ત્યાં ગુજરાતીમાં માનવચિત્તના અતલ ઊંડાણોને આટલી સુંદર રીતે તાગતી નવલકથા 'સરસ્વતીચંદ્ર' પ્રકાશિત થાય એ એક વિરલ ઘટના છે. પાશ્ચાત્ય મનોવિશ્લેષણશાસ્ત્રનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યા વિના પણ ગોવર્ધનરામ ત્રિપાઠીએ માનવચિત્તના અતલ ઊંડાણો અને તેની અભિપ્સાઓને સરસ્વતીચંદ્ર નવલકથાના વિવિધ પાત્રો મારફતે તાગી બતાવી છે એ ખરેખર પ્રશંસનીય બાબત છે. સર્જકપ્રતિભા એ નિસર્ગદત્ત વરદાન છે એવું ગોવર્ધનરામ અને તેમની આ નવલકથાને મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં સ્પષ્ટપણે સમજાય છે.

## ૨.૭. : પાદટીપ :

૧. સરસ્વતીચંદ્ર (ભાગ - ૧ બુદ્ધિધનનો કારભાર), ગોવર્ધનરામ ત્રિપાઠી; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૪

૨. એજન; પૃ. ૩

૩. એજન; પૃ. ૫

૪. ગોવર્ધનપ્રતિભા, સંપાદક : રમણલાલ જોશી (ડૉ. દિલાવરસિંહ જાડેજાનો અભ્યાસલેખ - 'સરસ્વતીચંદ્રમાં વસ્તુસંકલના' ); પ્રકાશન : લોકલહરી પ્રકાશન, નડિયાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૩; પૃ. ૧૯૨

૫. ગોવર્ધનપ્રતિભા, સંપાદક : રમણલાલ જોશી (ઉમાશંકર જોશીનો અભ્યાસલેખ - 'ત્રણ દિવસ અને છ રાત્રિનો ખેલ' ); પ્રકાશન : લોકલહરી પ્રકાશન, નડિયાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૩; પૃ. ૧૯૨

૬. સરસ્વતીચંદ્ર (ભાગ - ૧ બુદ્ધિધનનો કારભાર), ગોવર્ધનરામ ત્રિપાઠી; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૧૯૪

૭. એજન; પૃ. ૧૯૮

૮. એજન; પૃ. ૧૪

૯. એજન; પૃ. ૬૫

૧૦. એજન; પૃ. ૧૫૦

૧૧. એજન; પૃ. ૧૫૦

૧૨. એજન; પૃ. ૧૫૮

૧૩. એજન; પૃ. ૧૬૧

૧૪. એજન; પૃ. ૨૮૬

૧૫. સરસ્વતીચંદ્ર (ભાગ - ૪ સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ), ગોવર્ધનરામ ત્રિપાઠી; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૨૭૮

૧૬. એજન; પૃ. ૨૭૮

૧૭. એજન; પૃ. ૨૭૯

૧૮. એજન; પૃ. ૨૭૯

૧૯. એજન; પૃ. ૩૭૪

૨૦. એજન; પૃ. ૩૭૫

૨૧. સરસ્વતીચંદ્ર (ભાગ - ૧ બુદ્ધિધનનો કારભાર), ગોવર્ધનરામ ત્રિપાઠી; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૬૧

૨૨. એજન; પૃ. ૬૧

૨૩. એજન; પૃ. ૬૧

૨૪. એજન; પૃ. ૬૧

૨૫. એજન; પૃ. ૬૩

૨૬. એજન; પૃ. ૬૫

૨૭. એજન; પૃ. ૧૪૮

૨૮. એજન; પૃ. ૧૬૩

૨૯. એજન; પૃ. ૨૫૧

૩૦. એજન; પૃ. ૨૫૪

૩૧. એજન; પૃ. ૨૫૯

૩૨. એજન; પૃ. ૨૬૪

૩૩. એજન; પૃ. ૨૬૯

૩૪. ગોવર્ધનપ્રતિભા, સંપાદક : રમણલાલ જોશી (ઉશનસ્‌નો અભ્યાસલેખ - ''રાત્રિસંસાર'માં ગોવર્ધનરામની સર્ગશક્તિ - એક મૂલ્યાંકન' ); પ્રકાશન : લોકલહરી પ્રકાશન, નડિયાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૩; પૃ. ૨૩૭

૩૫. ગોવર્ધનપ્રતિભા, સંપાદક : રમણલાલ જોશી (ભાનુપ્રસાદ પંડ્યાનો અભ્યાસલેખ - 'સરસ્વતીચંદ્રમાં મનોવૈજ્ઞાનિક નિરૂપણ' ); પ્રકાશન : લોકલહરી પ્રકાશન, નડિયાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૩; પૃ. ૨૯૨

૩૬. સરસ્વતીચંદ્ર (ભાગ - ૧ બુદ્ધિધનનો કારભાર), ગોવર્ધનરામ ત્રિપાઠી; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૧૪૧

૩૭. ગોવર્ધનપ્રતિભા, સંપાદક : રમણલાલ જોશી (ધીરેન્દ્ર મહેતાનો અભ્યાસલેખ - 'સરસ્વતીચંદ્ર - નિરૂપણરીતિની દષ્ટિએ' ); પ્રકાશન : લોકલહરી પ્રકાશન, નડિયાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૩; પૃ. ૨૦૦

૩૮. એજન; પૃ. ૨૦૩